સુવિચાર
મા-બાપ બાળકને સદ્વર્તનનો પહેલો પાઠ શીખવે તે દિવસથી બાળકનાં ભણતરની શરૂઆત થઈ ગણાય
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૦૨/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ PENDAWALA
પંજાબી સમોસા સેન્ડવીચ ઢોકળા
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ મહા સુદ-૧૫ વર્ષ : ૧૬ અંક : ૦૫૨

પથરી પ્રોસ્ટેટ કીડનીના દર્દીઓ માટે
નિ:શુલ્ક નિદાન કેમ્પ
તારીખ : ૧૩-૦૨-૨૦૨૫,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
નોંધઃ નામ નોંધાવવુ ફરજીયાત છે.
Prostate Cancer
કીડની
પ્રોસ્ટેટ
પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

### સરકારનાં ફરજિયાત હેલ્મેટનાં નિયમની અમલવારી શરૂ થતાં

# અમરેલી જિલ્લામાં હેલ્મેટ વગરનાં કર્મચારીઓને દંડ થયો

**પોલીસ અધિક્ષક સંજય ખરાતની સુચનાથી સરકારી કચેરીઓ આસપાસ ઝુંબેશ શરૂ કરાઈ**

**૨૪ સરકારી કર્મચારીઓ પાસેથી રૂપિયા ૧૨ હજારનો દંડ વસુલ**

**પોલીસની કાર્યવાહી શરૂ થતાં સરકારી કર્મચારીઓ હેલ્મેટ પહેરવા મજબુર બન્યા**

**આગામી દિવસોમાં આમ આદમી માટે પણ હેલ્મેટ પહેરવું ફરજિયાત થશે**



અમરેલી, તા. ૧૧
ગુજરાત રાજયમાં હેલમેટનાનિયમનુંઅમલીકરણકરાવવું ખુબ જ જરૂરી હોય. જેથી રોડ અકસ્માતના કારણે થતાં મૃત્યુ તેમજ ગંભીરઈજાઓઉપરઅંકુશલાવીશકાય તે હેતુથી સરકાર દ્વારા સરકારી અધિકારીઓ/કર્મચારીઓ માટે ટુ વ્હીલર ચલાવતી વખતે હેલ્મેટ ફરજિયાતપહેરવાઅંગેપરિપત્રબહાર પાડવામાંઆવેલછે.આપરિપત્રનીકડક અમલવારી માટે ગુજરાત રાજયના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા તા. ૧૧/૨/૨૫થીગુજરાતરાજયનીતમામ સરકારી કચેરીઓના પ્રવેશદ્વાર પાસે ટ્રાફિક પોલીસનું ડીપ્લોયમેન્ટ કરી અસરકારક કામગીરી કરવા રાજયના તમામશહેર/જિલ્લાપોલીસવડાનેસુચના આપવામાંઆવેલહતી.
આ સુચનાના આધારે સરકારના પરિપત્રની અમલવારી માટે અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતદ્વારાઅમરેલીશહેરતથાજુદા

અનુસંધાન પાના ૬ ઉપર

### જનપ્રતિનિધિઓમાં શહેરીજનોને સમસ્યાથી મુકત કરાવવાની

# ઈચ્છા શકિત હોય તો : અમરેલીનાં શહેરીજનોને રેલ્વે ફાટકની સમસ્યાથી મુકિત મળે તેમ છે

**ધારી તરફ જતી ટ્રેન માટે નવું રેલ્વે સ્ટેશન બનાવવાની જરૂર**




અમરેલી, તા. ૧૧
અમરેલી શહેરમાં મીટર ગેજ રેલ્વે લાઈન આવેલી છે જે અમરેલીથી ધારી, વિસાવદર, જુનાગઢ , સાસણ, તાલાળા અને વેરાવળ સુધી જોડાયેલી છે. વર્તમાનસમયેઅમરેલીથી ખીજડીયા જંકશન સુધી મીટરગેજને બ્રોડગેજમાં રૂપાંતર કરવા માટેનું કામ ચાલી રહ્યું છે.
આરેલ્વેલાઈનમાંઅમરેલી શહેરમાંફકતબેરેલ્વેફાટકઆવેછે.એક છે લાઠી રોડ ઉપર અને બીજુ નવા બાયપાસલાઠીચોકડીથીનાનામાંચીયાળ ા રોડ ઉપર આ બંને ફાટકો ઉપર ઓવરબ્રિજબનાવવાનીશકયતાઓખુબ જ વધી છે અને તે અંગેની આગામી થોડા સમયમાં કામગીરીનો પ્રારંભ થવાનો છે.
પરંતુ અમરેલી શહેરના બાકીના ભરચક્ક વિસ્તારોમાંથી મીટરગેજ રેલ્વે લાઈન પસાર થાય છે. જેમા હનુમાનપરા રોડ તથા કેરીયા રોડ ઉપરની રેલ્વે લાઈનમાં અંડર બ્રિઝ બનાવી લેવામાં આવ્યા છે. બાકીના લીલીયા રોડ, ચક્કરગઢ રોડ, સાવરકુંડલા રોડ અને રાધેશ્યામ ચોકડી નજીકના બાયપાસ રોડ ઉપર રેલ્વે લાઈનના કારણે ટ્રેન પસાર થતાં સમયે ટ્રાફિક જામ થાય છે.
હાલ ચાલતા બ્રોડગેજ રેલ્વે લાઈનનું કામ પુર્ણ થયેથી વર્તમાન અમરેલી રેલ્વે સ્ટેશન ઉપર બ્રોડગેજ ટ્રેન શરૂ થઈ જશે ત્યારે હાલનું રેલ્વે સ્ટેશન ખુબજ નાનુ પડશે. તો જો રેલ્વે વિભાગ હાલમાં અમરેલીમાં આવેલ મીટર ગેજ રેલ્વે સ્ટેશનને ગાવડકાથી સાવરકુંડલા રોડ નજીક ફેરવી અને નવું રેલ્વે સ્ટેશન બનાવે તો અમરેલી શહેરને તમામ રેલ્વે ફાટકથી મુકિત મળી શકે તેમ છે.
અમરેલીથી ધારી તરફ જતી તમામ મીટરગેજ લાઈન બ્રોડગેજમાં રૂપાંતર થાય એવી શકયતાઓ ખુબ જ ઓછી છે. કારણ કે આ ગીર વિસ્તારને ઈકોઝોનમાં મુકવામાં આવેલ હોવાથી બ્રોડગેજની મંજુરી મળી શકે એમ નથી. તો અમરેલી શહેરને મીટર ગેજ રેલ્વે સ્ટેશન અને બ્રોડગેજ રેલ્વે સ્ટેશન બંને અલગ બનાવવામાં આવે તો અમરેલી શહેરને રેલ્વે ફાટકથી મુકિત તો મળે ઉપરાંત તમામ રોડ ઉપર ટ્રાફિકની સમસ્યાથી પણ મુકિત મળે એમ છે. ઉપરાંત લોકોને જુનાગઢ તથા પવિત્ર યાત્રાધામ સોમનાથ જવાની હાલમાં મળતી સુવિધા પણ જળવાય રહે તેમ છે.

### અજાણ્યા ઈસમનું કારસ્તાન

# અમરેલીનાં પીઠવાજાળ ગામે રહેતી પરિણીતા સાથે ૫૬ હજાર રૂપિયાની છેતરપીંડી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૧૧
અમરેલી તાલુકાના પીઠવાજાળ ગામે આવેલ રાજસ્થળી રોડ ઉપર રહેતા ક્રિનલબેન લાલજીભાઈ દેસાઈ નામની ૨૩ વર્ષિય પરિણીતાને કોઈ અજાણ્યા ઈસમ જેના મોબાઈલ ૯૦૭૯૧ ૯૩૨૪૭, ૯૩૬૫૫ ૬૨૦૭૯ અને મો.નં. ૯૩૯૫૯

અનુસંધાન પાના ૬ ઉપર

### બીજા એડી. જયુડી. મેજીસ્ટ્રેટ સમક્ષ કેસ ચાલી જતાં

# અમરેલીમાં ગૌમાંસની હેરફેરનાં ગુન્હાનાં આરોપીને ૩ વર્ષની સજા

**આરોપીને ૫ હજારનો દંડ પણ કરાયો**

અમરેલી, તા. ૧૧
અમરેલીના બહારપરા વિસ્તારમાં રહેતા આરોપી રફીક ઉર્ફે શેઠી આદમભાઈ કાલવા ગત તા. ૧૮/૨/૧૭ ના રોજ બોલેરો કારમાં માંસ

અનુસંધાન પાના ૬ ઉપર

### પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ

# રાજુલા અને લાઠીનાં ભાજપનાં ૩ આગેવાનોને પક્ષમાંથી સસ્પેન્ડ કરી દેવાતા ચકચાર

**ભાજપ વિરૂધ્ધ કામ કરનાર અમુક કાર્યકર્તાઓમાં ફફડાટ**

અમરેલી, તા. ૧૧, અમરેલી જિલ્લા ભાજપે પક્ષ વિરોધી પ્રવૃતિ કરનાર લાઠી શહેરનાં જિલ્લા યુવા ભાજપનાં ઉપપ્રમુખ હિરેનભાઈ પાડા, લાઠીના પુર્વ નગર સેવક કલ્પેશ મેતલીયા, અને રાજુલાનાં સક્રિય કાર્યકર્તા જયશ્રીબેન ગોહિલને પક્ષમાંથી સસ્પેન્ડ કરી દેતાં પક્ષમાં રહીને પક્ષ વિરોધી પ્રવૃતિ કરતા કાર્યકર્તાઓમાં ફફડાટ ફેલાયેલ છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
76,700/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૧/૦૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

જન્મદિવસ નિમિત્તે શુભેચ્છાઓ
શત્ શત્ આશાઓનું કારણ બનતા રહો,
શત્ શત્ ખુશીઓ ઉમંગથી મનાવતા રહો...
અમરેલી તાલુકા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ, અમારા સહ અધ્યાપક, સંનિષ્ઠ - સાહસી સુદ્રઢ મનોબળ ધરાવતા શ્રી મનિષ ભંડેરી ને જન્મદિવસની ખુબ ખુબ શુભેચ્છાઓ...
શ્રી મનિષ ભંડેરી
:: શુભેચ્છક ::
ભાવેશ વડાલીયા - યોગેશ ભેંસાણીયા
સતિષ વડાલીયા - ગુણવંત મેતલીયા
સુરેશ નવાપરીયા - ઉપેન્દ્ર પટેલ

## જેનું નામ જનતાબાગ સાથે જોડાયેલ છે તે પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પૂણ્યતિથિ હોવાથી


# સાવરકુંડલાનાં જનતાબાગમાં લેવાતી પ્રવેશ ફી એક દિવસ તો બંધ રાખો

**પાલિકાનાં શાસકો વિવિધ કરવેરા લેતા હોવાથી બાગ બગીચાનો નિઃશુલ્ક લાભ શહેરીજનોને આપવો જરૂરી**

**દરેક ચીજવસ્તુઓ ઉપર પરોક્ષ રીતે કરવેરા લેતી સરકાર સુવિધા આપવામાં ચાર્જ વસુલે તે યોગ્ય નથી**

**શહેરનાં ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારનાં બાળકોને નિઃશુલ્ક પ્રવેશ આપવો જરૂરી**

**શહેરીજનોનાં હિતાર્થે સક્રીય ગણાતા ધારાસભ્યએ પાલિકાને જરૂરી સુચના આપવી જોઈએ**



સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલા ખાતે આવેલ પંડિત દીનદયાળ (જનતા બાગ)નું સંચાલન કરતું તંત્ર દ્વારા એક દિવસ પૂરતી પ્રવેશ ફી ન લેવામાં આવે તો ગરીબ, અમીર અને મધ્યમ વર્ગના લોકો એકસાથે આ પંડિત દીનદયાળ બાગમાં હરવાફરવા માટે કે માનસિક થાક દૂર કરવા માટે એક દિવસ પૂરતો તો લાભ લઈ શકે.

સાવરકુંડલા શહેરમાં મહુવા રોડ પર આવેલ પંડિત દીનદયાળ ઉપવન અર્થાત જનતા બાગનું સંચાલન કરતાં તંત્ર દ્વારા આ પૂણ્યતિથિ દિવસ નિમિત્તે આ કરવા જેવું ખરૂં. આજના દિવસે બગીચામાં પ્રવેશ ફી નિઃશુલ્ક કરવામાં આવી હોત તો આ બગીચાનો લાભ ગરીબ વર્ગના લોકો પણ લઈ શકત તંત્ર ધારે તો આ કરી શકે. આમ પણ વર્ષો પહેલાં આ જનતાબાગમાં પ્રવેશ માટે કોઈ શુલ્ક ક્યાં ચૂકવવું પડતું..?? આમ તો જાહેર સ્થળોએ હરવા ફરવા માટે આર્થિક માપદંડ યોગ્ય કહેવાય? શહેરમાં આવેલ પંડિત દીનદયાળ ઉપવન પ્રવેશ ફી કમસે કમ આજના દિવસ પૂર્તિ ન લેવામાં આવી હોત તો આ બાગનો લાભ એક દિવસ પૂરતો તો તમામ વર્ગના લોકોને મળત. આમ પણ સમરસતા અને સમાનતા આર્થિક માપદંડો પર પણ નિર્ભર હોય ખરાં? આ બગીચામાં પ્રવેશતાં જ તેના રમણીય દ્રશ્યો જોઈને જ માણસને માનસિક શાંતિનો અહેસાસ થાય છે. આવા જાહેર સેવાનો સમ્યક લાભ લઈ શકાય અને આર્થિક માપદંડ નડતરરૂપ ન બને તો જ રામરાજ્યની પરિકલ્પના પણ સાકાર થઈ શકે ખરી.

---

## પોલીસ અધિક્ષકની સુચનાથી કાર્યવાહી

# સાવરકુંડલાનાં સુરભી કોમ્પ્લેક્ષમાં જુગાર રમતાં ૪ પત્તાપ્રેમીઓ ઝડપાયા

**પોલીસે ૧૫ હજાર રોકડા કબ્જે કર્યા**

અમરેલી, તા. ૧૧

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા અમરેલી જીલ્લામાંથી જુગાર લગત પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડો કરી કડક કાર્યવાહી કરવા સુચના આપેલ. જે અન્વયે સાવરકુંડલા ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈધ દ્વારા સાવરકુંડલા વિભાગમાંથી જુગાર લગત પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડો કરી કડક કાર્યવાહી કરવા સુચના તથા માર્ગદર્શન આપેલ.



જે અન્વયે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર સી.એસ. કુગસિયાની સુચના હેઠળ સાવરકુંડલા ટાઉન પોલીસ દ્વારા પેટ્રોલીંગ દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી આધારે સાવરકુંડલા ટાઉન વિસ્તારમાં મહુવા રોડ સુરભી કોમ્પ્લેક્ષની પાછળની શેરીમાં જાહેરમાં સાવરકુંડલા તાલુકાના ધજડી ગામના દિલુભાઈ બદરૂભાઈ ખુમાણ, કેવલ ચતુરભાઈ સરૈયા, ધારી તાલુકાના શેલખંભાળીયા ગામના જીતેન્દ્રભાઈ ચંદ્રભાઈ વાળા તથા સાવરકુંડલાના જેસર રોડ ખાતે રહેતા ચંપુભાઈ કથુભાઈ સાંઢસુર સહિત ચાર ઈસમો પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા રોકડા રૂપિયા ૧૫,૧૦૦ ના મુદામાલ સાથે પકડી પાડી ઝડપાયેલા તમામ ઈસમો વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---

## અજાણ્યા ઈસમે સીમકાર્ડનાં નામે કારસ્તાન કર્યુ

# બગસરાનાં ગોકુલનગરમાં રહેતા આધેડ સાથે ૧.૪ લાખની છેતરપીંડી

**બેન્કનાં એકાઉન્ટમાંથી રૂપિયા ઉઠાવી લીધા**

અમરેલી, તા. ૧૧

બગસરા ગામે ગોકુળપરા વિસ્તારમાં આવેલ ૬૦ ફુટ રોડ ઉપર રહેતા અને ખેતી કામ કરતાં રતિભાઈ વલ્લભભાઈ ચોવટીયા નામના ૪૮ વર્ષિય આધેડ ગત તા. ૩૦/૯/૨૪ના રોજ બગસરા ખાતે હતા. તે દરમિયાન બપોરના બારેક વાગ્યે આ ખેડૂતના મોબાઈલમાં એક અજાણ્યા મોબાઈલ નંબરમાંથી ફોન આવેલ અને ખેડૂતને હિંદી ભાષામાં કહેલ કે હુ જીયો કેરમાંથી બોલુ છુ અને તમારા મોબાઈલ નંબરનુ સીમકાર્ડ ૨૪ કલાક માટે બંધ થઈ જશે અને જો હું કહુ તેમ કરો તો ફરીવાર ૨૪ કલાકમાં ફરી ચાલુ થઈ જશે તેમ કહેલ હતુ. જો તમારે સીમકાર્ડ ચાલુ રાખવું હોય તો થોડા સમય બાદ એક તમોને ફોન આવશે જેમાં તમે ૧ બટન દબાવજો આમ કહી ફોન કાપી નાખેલ હતો.

બાદમાં તરતજ ખેડૂતના મોબાઈલ ફોનમાં એક અજાણ્યા મોબાઈલ નંબરમાંથી ફોન આવેલ અને ખેડૂતને હિંદી ભાષામાં મોબાઈલના ડાયલપેડમાંથી ૧ નંબર દબાવવાનુ કહેલ હતું. જેથી ખેડૂતને સીમકાર્ડ બંધ થઈ જવાની બીક લાગતા તેમણે ૧ નંબર ડાયલપેડમાં દબાવેલ હતો અને ત્યારબાદ ખેડૂતના આ મોબાઈલમાં રહેલ સીમકાર્ડ બંધ થઈ ગયેલ હતુ અને ત્યાર બાદ ૨૪ કલાક બાદ ખેડૂતનું સીમકાર્ડ ચાલુ ન થતા તે મોબાઈલની દુકાને જઈ સીમકાર્ડ નવુ કઢાવેલ હતુ. જેમા ખેડૂતને મેસેજ ૨૪ સુધી નહી આવે તેવુ જણાવેલ હતુ.

ત્યારબાદ આ ખેડૂતનું સીમકાર્ડ શરૂ થતા ખેડૂતના એસબીઆઈ બેંકના એકાઉન્ટમાંથી ગઈ તા. ૧/૧૦/૨૪થી તા. ૨/૧૦/૨૪ સુધીમાં અલગ અલગ ડેબીટ ટ્રાન્ઝેકશન મળી કુલ રપિયા ૧,૦૪,૭૦૦ રૂપિયા ઉપડી ગયેલ હતા. જેથી ખેડૂતે આ બાબતે બીજા દિવસે સાયબર હેલ્પલાઈન નં. ૧૯૩૦ ઉપર કોલ કરી સાયબર ફ્રોડની ફરિયાદ લખાવેલ હતી.

---

## અમરેલી ફાયર ટીમ ગણતરીની મિનિટોમાં પહોંચી

# અરેરાટી : કુંકાવાવનાં માયાપાદર ગામની વાડીનાં કૂવામાંથી યુવતીનો મૃતદેહ મળી આવ્યો

**મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલી દેવાયો**

અમરેલી, તા. ૧૧

અમરેલી ફાયર વિભાગને ગઈકાલે મોડી રાત્રીના સમયે જાણ કરવામાં આવેલ કે, કુંકાવાવ તાલુકાના માયાપાદર ખાતે ચંદુભાઈ માલવીયાની વાડીના કૂવામાં કોઈ અજાણી વ્યકિત પડી જવા પામેલ છે. તે આ ઘટનાની જાણ અમરેલી ફાયર કંટ્રોલરૂમ ખાતે થતાં ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની આગેવાની હેઠળ અમરેલી ફાયર ઈમરજન્સી સર્વિસની ટીમ તુરંત કુંકાવાવ તાલુકાના માયાપાદર ગામે ઘટના સ્થળ પર પહોંચી માત્ર ૨૦ મિનિટની મહેનત બાદ રૂતિકાબેન ચંદુભાઈ માલવિયા નામની ૨૧ વર્ષિય યુવતીના મૃતદેહને



કૂવામાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે સ્થાનિક પોલીસને સોંપી આપેલ હતો.

આ કામગીરીમાં ફાયર સ્ટાફના હિંમતભાઈ બાંભણિયા, નિલેશભાઈ સાનિયા, કૃષ્ણભાઈ ઓળકિયા, કરનદાન ગઢવી, સાગરભાઈ પુરોહિત સહિતના લોકો જોડાયા હતા.

---

## સ્પે. એસીબી કોર્ટમાં કેસ ચાલી જતાં

# લીલીયાનાં ગોઢાવદર ગામનાં તલાટી કમમંત્રીનો લાંચ કેસમાં છુટકારો થયો

**સીનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ**

અમરેલી, તા. ૧૧

લીલીયા મોટાના ગોઢાવદર ગામનાં તલાટીમંત્રીનો લાંચ કેસમાં નિર્દોષ છુટકારો થયો છે.

વિગત એવા પ્રકારની છે કે, આ કામે ફરીયાદી રસીકભાઈ પ્રેમજીભાઈ ગજેરાએ એ.સી.બી. કચેરીમાં એવી ફરીયાદ આપેલી કે તેમણે તેમના ગામમાં જીવાભાઈ પઠાણનું રહેણાંક મકાન તેમની પત્ની દક્ષાબેનના નામે ખરીદ કરેલ હોય જે મકાનમાં ઈલે. મીટર ટ્રાન્સફર કરાવવા માટે ગ્રામ પંચાયત ગોઢાવદર કચેરીમાંથી આકારણી પત્રક તથા ઘરવેરા પહોંચ લેવા માટે દસ્તાવેજ કર્યા બાદ ગ્રામ પંચાયત કચેરીના તલાટી મંત્રી શૈલેષભાઈ ધીરજલાલ જોષીને આકારણી પત્રક અને ઘરવેરા પહોંચ કાઢી આપવા વાતચીત કરેલી તે વખતે તલાટી મંત્રીએ કહેલ કે ગામતળની જગ્યા છે જેથી આકારણી પત્રક તથા પહોંચ જોઈતી હોય તો તમારે વ્યવહારમાં સમજવુ પડશે.

ત્યારબાદ તલાટી મંત્રી અવારનવાર મારી દુકાને આવતા હતા અને મારી પાસે પૈસા માગતા ત્યારે હું એવું કહેતો કે કામ પુર્ણ થઈ ગયે હું પૈસા આપીશ. ત્યારબાદ તલાટી મંત્રી મારી પાસે આવેલા અને કહેલું કે આમ તો તમારા કામના રૂપિયા ૧૦ હજાર થાય પણ તમે જાણીતા છો એટલે રૂા. ૫ હજાર આપો તો મે કહેલ કે આટલા બધા રૂપિયા મને નહીં પોસાય કંઈક ઓછુ કરો. છેલ્લે રકઝક કરીને રૂા. ૨



હજારની લાંચની રકમ મારે મંત્રીને આપવાનું નકકી થયેલું અને તે રકમ ફરીયાદી મંત્રીને આપવા માંગતા ન હોય જેથી આ કામના ફરીયાદી એ.સી.બી. ઓફીસે ફરીયાદ નોંધાવા માટે ગયેલા.

ત્યારબાદ એ.સી.બી. ઓફીસે તેમની હકીકત સાંભળી અને સરકારી પંચોને રેઈડ માટે બોલાવી અને ત્યારે ઓડીયો ટેપ રેકોર્ડર પણ રેકોર્ડીંગ કરવા માટે ફરીયાદીને આપેલ હતું અને ત્યારબાદ આ કામના ફરીયાદી તથા એ.સી.બી.ના અધિકારીઓ, પંચો તથા સ્ટાફ બનાવના દિવસે રેઈડ પાડવા માટે ગોઢાવદર ગામે રસીકભાઈ પ્રેમજીભાઈ ગજેરાની દુકાને જઈને અગાઉથી રેઈડ માટે ગોઠવાઈ ગયેલા હતા અને તે સમયગાળા દરમિયાન આ કામના આરોપી તલાટી મંત્રી ફરીયાદીની દુકાને પહોંચતા ફરીયાદીએ તેને નકકી થયા મુજબની રકમ રૂા. ૧૫૦૦ની આપેલી જે તેઓએ સ્વીકારીને તેમના ખીચામાં મુકેલી અને એ.સી.બી. સ્ટાફના અધિકારીએ આ કામના આરોપીને રૂા. ૧૫૦૦ ની લાંચની રકમ લેતા રંગે હાથે ઝડપી લીધેલ હતા અને તેમનું ઓડીયો રેકોર્ડીંગ પણ લાંચની રકમ બાબતે જે કરવામાં આવેલું તે પણ કબ્જે લેવામાં આવેલ હતુ.

આમ આ કામના આરોપી સામે એ.સી.બી. કચેરી તરફથી ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ – ૭, ૧૩ વિગેરે મુજબનો ગુન્હો નોંધવામાં આવેલો હતો. ત્યારબાદ આ કામે એફ.એસ.એલ.ના રીપોર્ટ વિગેરે આ કામના આરોપી સામે યોગ્ય મંજુરી મેળવ્યા બાદ ચાર્જશીટ કરવામાં આવેલ હતું અને ત્યારબાદ આ કામે અમરેલીની સ્પે. એ.સી.બી. કોર્ટ સમક્ષ આ કેસ શરૂ થયેલ હતો.

આ કામે કેસ શરૂ થતા સરકાર પક્ષે ફરીયાદીનો કેસ સાબીત કરવા માટે ઘણા સાક્ષીઓ તપાસવામાં આવેલ હતા, આ કામે સમગ્ર કેસ ચાલી જતા ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરતા પ્રયત્નો કરવા છતા સાબીત કરી શકેલ ન હોય આ કામના આરોપી શૈલેષભાઈ ધીરજભાઈ જોષીને અમરેલીની સ્પે. એ.સી.બી. કોર્ટના સ્પે. જજ આર.વી. બુખારી મેડમે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

આ કેસમાં આરોપી શૈલેષભાઈ ધીરજભાઈ જોષી તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી રોકાયેલ હતા.

---

## મકાનમાં તાળા મારી જંગર ગામે જતા

# બાબરાની બાલમુકુન્દ શેરીમાં રહેતા આધેડના મકાનમાંથી ૧.૩૧ લાખનાં મુદ્દામાલની ચોરી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૧

બાબરા ગામે આવેલ બાલમુકુન્દ નગર શેરી નં. ૧ માં રહેતા સંદીપભાઈ પ્રવિણભાઈ જોષી નામના ૪૪ વર્ષિય આધેડ ગત તા. ૩/૨/૨૫ ના રોજ પોતાના કુંટુંબ પરિવાર સાથે પોતાના ઘરે તાળા મારી જંગર ગામે પ્રસંગમા ગયેલ હતા. અને આશરે સવારના સાડા દસેક વાગ્યે બાબરા ગામે રહેતા તેમના પડોશીનો ફોન આવેલ અને તેમણે આધેડને જણાવેલ કે, તમારા ઘરનો દરવાજો ખુલ્લો છે. અને ડેલીએ તાળુ મારેલ છે. તેમ વાત કરતાં આધેડ પોતાના પરિવાર સાથે જંગર ગામેથી બાબરા આશરે અગીયારેક વાગ્યે પહોંચેલ હતા. અને ઘરે જઈને જોયુ તો અમારા ઘરની ડેલીએ તાળુ મારેલ હતુ. અને ઘરનો દરવાજો ખુલ્લી હાલતમાં હતો અને દરવાજાનો નકુચો તુટેલ હાલતમા હતો. બાદ ઘરમા પ્રવેશ કરતા જોતા ઘરનો સર–સમાન વેરવિખેર હાલતમાં હતો અને નીચેની રૂમમા જઈને જોતુ તો ત્યા પણ સર– સામાન વેર વિખેર હાલતમાં પડેલ હતો. અને રૂમમા રહેલ લોખંડનો કબાટ ખુલ્લો હતો અને કબાટની અંદરનુ લોકર પણ તોડી નાખેલ હાલતમા હતુ. જે લોકરમા ચેક કરતા રૂપિયા ૬૫,૦૦૦ની રોકડ રકમ રાખેલ હતી તે જોવા મળેલ નહી. તેમજ લોકરમા રાખેલ ૨ ચાંદીની લક્કી જે બંન્ને લક્કીની કિમત રૂ. ૬,૦૦૦ તેમજ એક ૧૨ ગ્રામનો સોનાનો ચેઈન કિમત રૂપિયા ૪૨,૦૦૦ તેમજ એક ૫ ગ્રામની સોનાની બુંટી કિમત રૂપિયા ૧૮૦૦૦ની મળી કુલ રૂપિયા ૧,૩૧,૦૦૦ની રોકડ રકમ તથા સોના ચાંદીના દાગીના જોવા મળેલ નહી. અને કોઈ અજાણ્યા ચોર ઈસમો વિરૂધ્ધમાં પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

---

# અમરેલીની પ્રાચી મકવાણાનો આજે જન્મદિવસ

અમરેલી, તા. ૧૧

અમરેલી સામાનિક કાર્યકર અને પ્રેસ રિપોર્ટર એવા વિપુલ મકવાણાની લાડકી પુત્રી એવી પ્રાચી મકવાણાનો આજે જન્મદિવસ હોય, આજ રોજ તે ૧૬ વર્ષ પુર્ણ કરી ૧૭માં વર્ષમાં પોતાનો પગ મૂકી રહી છે. તો તેમને જન્મદિવસની શુભેચ્છા મળી રહી છે.



---

## ચેક રીટર્ન કેસમાં મુશ્કેલી વધી

# લીલીયા મોટા : બગસરા શરાફી મંડળીનાં બાકીદારને ૬ માસની સજાનો હુકમ

**એડવોકેટ કિશોર પાઠકની દલીલો સફળ રહી**

લીલીયા મોટા, તા. ૧૧

બગસરા નાગરીક શરાફી સહકારી મંડળી લી લીલીયા શાખામાંથી સભાસદ ધીરૂભાઈ નાનજીભાઈ વધેડીયા રહે લોંકા તા. લીલીયા એધિકારણ મેળવી હપ્તા નહી ભરતા માંગણીની નોટિસ આપતા બાકીદારે વ્યાજ તથા મુદલની ગણતરી કરી રકમ રૂા. ૧,૧૮,૫૮૮/–નો ચેક આપેલ આ ચેક રીટર્ન થતા મંડળીના જનરલ મેનેજીંગ ડાયરેકટર નિતેશભાઈ ડોડીયા તથા લીલીયા શાખાના એમ.ડી. પરીનભાઈ રાજપુરાની સુચનાથી



સેક્રેટરી ધમેન્દ્રભાઈ પરશોતમભાઈ ગાયજનએ મંડળીના લીગલ એડવાઈજર કિશોર પાઠક મારફત લીલીયા અદાલતમાં ફોજદારી કેસ નં. ૪૧૨/૨૦૨૪નો દાખલ કરતા કેસ ચાલી જતાં આ બાકીદાર ધીરૂભાઈ નજાનજીભાઈ વધેડીયાને છમાસની સાદી કેદની સજા તથા ચેકની રકમ વ્યાજે સહતિ વળતર રૂપે મંડળીને ચુકવવા આદેશ કરેલ છે.

આ આરોપીઓ નામદાર અદાલતમા ગેરહાજર રહેલ હોય જેથી આરોપી સામે સજા વોરન્ટ ઈસ્યુ કરી એસપી. અમરેલીને ધરપકડ કરી જેલહવાલે કરવા આદેશ કરવામાં આવેલ છે.

---

## એસબીઆઈનાં મેનેજર તરીકે ઓળખ આપીને

# જાફરાબાદમાં રહેતાં શિક્ષક સાથે રૂપિયા ૧.૬૫ લાખની છેતરપીંડી કરાઈ

**સ્થાનિક પોલીસે અજાણ્યા ઈસમ વિરૂધ્ધ ગુન્હો નોંધ્યો**

અમરેલી, તા. ૧૧, જાફરાબાદ ગામે સાંઈનાથ સોસાયટીમાં રહેતા અને મુળ સુત્રાપડા તાલુકાના રાખેજ ગામે રહેતા અને શિક્ષક તરીકે નોકરી કરતાં માનસિંગભાઈ ભાણાભાઈ વાળાને ગત તા. ૧૩/૫/૨૪ થી તા. ૧૫/૫/૨૪ દરમ્યાન કોઈપણ સમયે કોઈ અજાણ્યા મોબાઈલ નંબરવાળા વ્યકિતએ ફોન કરી એસ.બી.આઈ.ના મેનેજર તરીકેની ખોટી ઓળખ આપી શિક્ષકને વિાસમાં લઈ પાક ધીરાણની લોનના વ્યાજના પૈસા બાબતે શિક્ષકના ફોનમાં આવેલ ઓટીપી લઈ શિક્ષકના એસ.બી.આઈ. ની બ્રાંચમાંથી શિક્ષકની જાણ બહાર બદદાનતથી રૂપિયા ૧,૬૫,૦૦૦નું ટ્રાન્જેકશન કરી ખાતામાંથી પૈસા ઉપાડી લઈ વિાસઘાત કરી છેતરપીંડીની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## અમરેલી જિલ્લામાં પ્રગતિશીલ ખેડૂતો હવે પાકનું મૂલ્યવર્ધન કરતા થયા

# ગીગાસણનાં ખેડૂત ઘઉંનો પોંક મેળવીને મેળવે છે ઉત્તમ વળતર

**ઘઉંનો મણનો ભાવ માત્ર રૂપિયા ૫૦૦ થી ૬૦૦ મળતો હોય ખેડૂતે વધુ કમાણી કરવાનું મન બનાવ્યું**

**ઘઉંનો પોંક બનાવીને મણનાં ૮ હજાર રૂપિયાથી વેચાણ શરૂ કર્યુ અને બે પાંદડે થયા**

**માત્ર ૩ વિઘા જમીનમાં ૧ હજાર કિલો પોંક તૈયાર અને વળતર મળશે ૪ લાખ કરતા વધારે**

**તૈયાર થયેલ પોંકનું ઓનલાઈન ભાવનગર, રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરત સુધી વેચાણ કરી રહ્યા છે**



અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લામાં પ્રગતિશીલ ખેડૂતો હવે પાકનું મૂલ્ય વર્ધન કરી રહ્યા છે. પાકનું મૂલ્યવર્ધન કરી અને આવકને બમણી કરી રહ્યા છે. ત્યારે ધારી તાલુકાના ગીરકાંઠાના ગીગાસણ ગામના યુવા ખેડૂત પ્રવીણભાઈ શીરોયાએ ઘઉંના પાકનું મૂલ્યવર્ધન કરી અને લાખો રૂપિયાની કમાણી કરી છે. ત્યારે ઘઉંનું વેચાણ સામાન્ય રીતે ૫૦૦ થી ૬૦૦ રૂપિયા મણનાં ભાવે જાહેર હરરાજીમાં વેચાણ થતા હોય. ત્યારે ઘઉંની ખેતીમાં ઘઉંના પોક બનાવીને વેલ્યુએડીશન કરીને ૮ હજાર રૂપિયે મણ વેચાણ થઈ રહ્યું છે.

ધારી તાલુકાના ગીરના ગીગાસણ ગામમાં પ્રવીણભાઈ શિરોયા નામના ખેડૂતે ધોરણ ૧૦ સુધીનો જ અભ્યાસ કર્યો છે અને હાલ પોતે ગીગાસણ ગામ ખાતે રહે છે. પોતાનો બગીચો હોવાથી પોતાના મિત્રને ત્યાં ત્રણ વીઘામાં ઘઉંનું વાવેતર કરવામાં આવ્યું હતું. સારી કવોલિટીના ઘઉંના બિયારણની ખરીદી કરવામાં આવી હતી અને લોકવન નામની જાતનાં ઘઉંનું વાવેતર કરવામાં આવ્યું હતું.

હાલ આ પાક પરિપકવ થયો છે અને જેના ઘઉંના ડુંડીને કાપી અને તેને શેકી અને પોંક બનાવવામાં આવી રહ્યો છે. ત્રણ વીઘા જામીનમાંથી આશરે જો ઘઉંને પરિપકવ કરી અને બજારમાં વેચવામાં આવે તો ૫૫૦થી ૬૦૦ રૂપિયા લોકવન ઘઉંનો ભાવ મળી રહે છે અને અંદાજિત એક વીઘે ૨૫ થી ૨૭ હજાર રૂપિયાનું ઉત્પાદન મળી રહે છે. પરંતુ ઘઉંના પાકનું વેલ્યુ એડિશન મૂલ્યવર્ધન કરવામાં આવે તો જે આવક છે એ બે થી ચાર ગણી વધી જાય છે અને સારૂં એવું ઉત્પાદન મળી રહે છે.

છેલ્લા ત્રણ વર્ષથી ઘઉંના પાકનું મૂલ્યવર્ધન કરી અને પોંક તૈયાર કરવામાં આવે છે અને જેનું વેચાણ કરવામાં આવે છે. એક કિલો પોંકનો ભાવ રૂપિયા ૪૦૦ છે અને ૨૦ કિલો એટલે કે એક મણનો ભાવ ૮૦૦૦ રૂપિયા મળી રહે છે. અંદાજિત ૧૦૦૦ કિલો પોંક ત્રણ વીઘામાંથી તૈયાર થશે જેથી રૂપિયા ૪,૧૦,૦૦૦ સુધીની આવક થશે.

સામાન્ય રીતે અન્ય ખેડૂત ઘઉંનું પરિપકવ કરી અને માર્કેટમાં વેચાણ કરે તો ૭૦થી ૮૦ હજાર રૂપિયાનું ઉત્પાદન મળે છે. પરંતુ પાકનું મૂલ્યવર્ધન કરવામાં આવે તો વધુ સારો ભાવ અને વધુ સારી આવક થાય છે. પોંક તૈયાર કરવામાં લીલા ઘઉંને કાપીને તેની ડુંડીને અગ્નિમાં તેને બાળીને પોંક તૈયાર કરવામાં આવે છે જે કામ થોડું અઘરૂં છે. પણ માણસો રાખીને ઘઉંના પોંક તૈયાર કરીને તેની વેલ્યુએડીશન બનાવીને મહાનગરોમાં વેચાણ કરવામાં આવે છે.

આ તૈયાર થયેલ પોંકનું વેચાણ સોશ્યલ મીડિયા મારફતે તેમજ અમરેલી, ભાવનગર, જામનગર, રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરત જેવા મહાનગરોમાં પોતાના સોશ્યલ મીડિયા દ્વારા વેંચી અને તેમને મળતા ઓર્ડર મુજબ હોમ ડિલિવરી કરવામાં આવે છે અને એક કિલોનો ભાવ રૂપિયા ૪૦૦ લેવામાં આવે છે. જેથી ૩ વિઘામાં જ લાખોની કમાણી પ્રગતિશીલ ખેડૂતે ઘઉંના પોંક બનાવીને કરી રહ્યા છે.

## સોમવારે રાત્રિનાં પોલીસે ચેકિંગ કરતાં

# બાબરાનાં ઉંટવડ ગામે રહેણાંક મકાનમાંથી દારૂની ૧૦૮ બોટલ ઝડપાઈ

અમરેલી, તા. ૧૧

બાબરા તાલુકાના ઉંટવડ ગામે રહેતા નરેશભાઈ ઉર્ફે નાગરાજ રવુભાઈ ધાધલ નામના ૨૭ વર્ષિય આરોપીએ તા. ૧૦ના રોજ રાત્રીના ૯ વાગ્યે વગર પાસ પરમીટે તેજ ગામે રહેતા પોતાના મિત્ર રાજેન્દ્રભાઈ ઉર્ફે રાજનભાઈ દીલીપભાઈ ધાધલના રહેણાંક મકાનમાં રાખેલ ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલ નંગ–૧૦૮ રૂપિયા ૨૪,૩૦૦ ના મુદ્દામાલ તથા મોટર સાયકલ કિંમત રૂપિયા ૪૫૦૦૦ મળી કુલ રૂપિયા ૬૯,૩૦૦ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ તેમજ રેઈડ દરમ્યાન આરોપી રાજનભાઈ હાજર નહી મળી આવતા પોલીસે તેમની શોધખોળ આદરી છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪




ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦











કોળી શકિત યુવક મંડળ અમરેલી
આયોજીત ૪૦ મા સમુહલગ્ન
આગામી તા.૦૨–૦૩–૨૦૨૫
આ લગ્નોત્સવમાં ભાગ લેવા માંગતા ઉમેદવારોએ વહેલી તકે સંપર્ક કરવો લગ્ન ફી કન્યા પક્ષ રૂા.૧૨૫૦૦/- તેમજ વર પક્ષ રૂા.૧૨૫૦૦/- દરેકને કન્યાઓને વિના મૂલ્યે કરીયાવરની ૮૦ વસ્તુઓ મળશે.
સરકારી યોજના સમુહલગ્ન સાતફેરા તેમજ કુંવરબાઈનું મામેરૂ યોજના અંતર્ગત લાભ મળવાપાત્ર રહેશે. તો રજીસ્ટ્રેશન માટે...
સંપર્ક : પ્રમુખશ્રી રમેશભાઈ એસ.ગોહિલ
શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર, ફ્રુટ માર્કેટ, દુ.નં.બી/એફ–૧૩, પહેલો માળ, અમરેલી
મો.નં. ૯૩૭૪૭ ૩૪૮૨૦






### પંજાબમાં નવાજૂનીના એંધાણ?

# AAPના તમામ ધારાસભ્યો દિલ્હી પહોંચ્યા, કેજરીવાલની બેઠક

**આ બેઠક દિલ્હી વિધાનસભા ચૂંટણી પર ચર્ચા કરવા અને પંજાબના નેતાઓ પાસેથી પ્રતિક્રિયા લેવા માટે કરવામાં આવી હતી**

નવી દિલ્હી,તા.૧૧

અરવિંદ કેજરીવાલે મંગળવારે દિલ્હીના કપૂરથલા હાઉસમાં પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન, તેમના મંત્રીઓ અને રાજ્યના AAP ધારાસભ્યો-સાંસદો સાથે બેઠક કરી હતી. જેમાં મનીષ સિસોદિયા પણ હાજર હતા. કેજરીવાલે પાર્ટીના રાજ્ય એકમમાં વધી રહેલા આંતરિક અસંતોષની ચર્ચા વચ્ચે તેમના પંજાબ નેતાઓની આ બેઠક બોલાવી હતી. પાર્ટીના સૂત્રોનું કહેવું છે કે આ બેઠક દિલ્હી વિધાનસભા ચૂંટણી પર ચર્ચા કરવા અને પંજાબના નેતાઓ પાસેથી પ્રતિક્રિયા લેવા માટે કરવામાં આવી હતી. પંજાબના સીએમ ભગવંત માન, તેમના કેબિનેટ મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો અને AAP રાજ્ય એકમના અધિકારીઓ સહિત ૨૦૦થી વધુ નેતાઓ ચૂંટણી પ્રચાર માટે અઠવાડિયાથી દિલ્હીમાં કેમ્પ કરી રહ્યા હતા. પાર્ટીના સૂત્રોએ જણાવ્યું કે બેઠકનો એજન્ડા દિલ્હી ચૂંટણીના પરિણામોનું વિશ્લેષણ કરવાનો હતો અને ૨૦૨૭ની શરૂઆતમાં યોજાનારી પંજાબ વિધાનસભાની ચૂંટણી માટે વ્યૂહરચના ઘડવાનો હતો. દરમિયાન વિપક્ષી દળો કોંગ્રેસ અને ભાજપે દાવો કર્યો છે કે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી કેજરીવાલ ભગવંત માનને પંજાબના મુખ્યમંત્રી પદેથી હટાવવાની તૈયારી કરી રહ્યા છે.

રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે દિલ્હીમાં હાર બાદ અરવિંદ કેજરીવાલે ભગવંત માન, પંજાબના મંત્રીઓ અને ધારાસભ્યોને બેઠક માટે દિલ્હી બોલાવવાને બદલે પોતે પંજાબ જવું જોઈતું હતું. તેમના આ પગલાથી કોંગ્રેસના દાવાને બળ મળે છે કે પંજાબની સરકાર દિલ્હીથી ચલાવવામાં આવી રહી છે. અરવિંદ કેજરીવાલે પ્રાદેશિક લાગણીઓ પ્રત્યે સંવેદનશીલ બનવાની જરૂર હતી.

AAP સુપ્રીમો અરવિંદ કેજરીવાલ સાથેની બેઠક બાદ મુખ્યમંત્રી ભગવંત માને કહ્યું કે, 'પંજાબની સમગ્ર કેબિનેટ અને અમારા તમામ ધારાસભ્યોએ અમારી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ સાથે કપૂરથલા હાઉસમાં બેઠક કરી હતી. આમ આદમી પાર્ટીના પંજાબ યુનિટે દિલ્હી ચૂંટણી દરમિયાન સખત મહેનત કરી હતી, જેના માટે અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયાએ પંજાબના નેતાઓનો આભાર માન્યો હતો.'

આ અંગે સીએમ માનએ વધુમાં કહ્યું કે, 'પંજાબમાં અમારી સરકાર લોકોના હિતમાં ઘણું કામ કરી રહી છે. તે વીજળી, શિક્ષણ, આરોગ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્ર સામેલ છે. આપણે આ કામોને વધુ ગતિ આપવી પડશે. અમે એવું પંજાબ મોડલ બનાવીશું જે આખો દેશ જોશે.'

### અયોધ્યા-કાશીમાં શાળાઓ બંધ

# UPના ૧૭ જિલ્લામાં કડક દિશા-નિર્દેશ: મહાકુંભમાં ક્રાઉડ મેનેજમેન્ટનો નવો પ્લાન

**લોકોને જામની સમસ્યામાંથી રાહત મળી શકે. તેમજ અયોધ્યા-કાશીમાં ૧૧ થી ૧૪ ફેબ્રુઆરી સુધી શાળાઓ બંધ રાખવાની સૂચના આપવામાં આવી છે**

નવી દિલ્હી,તા.૧૧

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં લોકો મહાજામનો સામનો કરી રહ્યા છે. કાશી અને અયોધ્યા તરફ જતા માર્ગો પર કેટલાક કિલોમીટર સુધી મહત્તમ ટ્રાફિક જામ છે. જામને જોતા સીએમ યોગી આદિત્યનાથે સોમવારે મોડી રાત્રે અધિકારીઓની બેઠક યોજી હતી. યુપીના ૨૮ પીસીએસ અધિકારીઓને તાત્કાલિક અસરથી મહાકુંભની વિશેષ ફરજ પર પ્રયાગરાજ મોકલવામાં આવ્યા છે, જેથી લોકોને જામની સમસ્યામાંથી રાહત મળી શકે. તેમજ અયોધ્યા-કાશીમાં ૧૧ થી ૧૪ ફેબ્રુઆરી સુધી શાળાઓ બંધ રાખવાની સૂચના આપવામાં આવી છે.

મહાકુંભમાં પાંચમું માઘી પૂર્ણિમા સ્નાન (માઘ પૂર્ણિમા સ્નાન) ૧૨ ફેબ્રુઆરીએ થશે. આવી સ્થિતિમાં સીએમ યોગી આદિત્યનાથે ટ્રાફિક અને ભીડ વ્યવસ્થાપન યોજના લાગુ કરવા સૂચના આપી છે. છેલ્લા ત્રણ દિવસથી માર્ગો પર ભારે ટ્રાફિક જામ છે. લોકો કલાકો સુધી રસ્તા પર ફસાયેલા રહે છે. આમ છતાં મહાકુંભ નગરમાં લોકોના પહોંચવાની પ્રક્રિયા ચાલુ જ છે. મહાકુંભમાં દરરોજ સરેરાશ ૧.૪૪ કરોડ લોકો સ્નાન કરે છે.

સીએમ યોગી આદિત્યનાથે ભારે ભીડને લઈને મોટી બેઠક યોજી છે. આ બેઠકમાં મહાકુંભમાં શ્રદ્ધાળુઓની સુરક્ષા અને વ્યવસ્થા અંગે ચર્ચા કરવામાં આવી હતી. સીએમ યોગીએ અધિકારીઓને સૂચના આપી છે કે મહાકુંભ દરમિયાન શ્રદ્ધાળુઓને કોઈ અસુવિધા ન થવી જોઈએ. ભક્તોની સુરક્ષા અને વ્યવસ્થાને લઈને કોઈ બેદરકારી ન રાખવી. યુપીના ૨૮ પીસીએસ અધિકારીઓને તાત્કાલિક અસરથી મહાકુંભ માટે વિશેષ ફરજ પર પ્રયાગરાજ મોકલવામાં આવ્યા છે. સોમવારે મોડી રાત્રે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વરિષ્ઠ સરકારી સ્તરના અધિકારીઓની હાજરીમાં, પ્રયાગરાજ, કૌશામ્બી, કાનપુર, સુલતાનપુર, અમેઠી, વારાણસી, અયોધ્યા, મિર્ઝાપુર, જૌનપુર, ચિત્રકૂટ, બાંદા, પ્રતાપગઢ, ભદોહી, રાયબરેલી, ગોરખપુર, મહોબા અને લખનઉ વગેરે જેવા જિલ્લાઓ, ઝોન અને રેન્જોમાં તૈનાત વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને વિભાગીય કમિશનરો સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા એક ખાસ બેઠક યોજવામાં આવી હતી અને મહાકુંભની વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી અને જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા.

એક સત્તાવાર નિવેદન અનુસાર, પ્રયાગરાજ સ્ટેશનની બહાર ભારે ભીડને કારણે સ્ટેશનની બહાર આવતા શ્રદ્ધાળુઓને થઈ રહેલી અસુવિધાને કારણે, ઉત્તર રેલવે લખનઉ ડિવિઝનના પ્રયાગરાજ સંગમ સ્ટેશનને ૯મી ફેબ્રુઆરીના રોજ બપોરે ૧:૩૦ વાગ્યાથી ૧૪મી ફેબ્રુઆરીના રોજ સવારે ૧૨:૦૦ વાગ્યા સુધી મુસાફરોની અવરજવર માટે અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યું છે. જો કે, મહાકુંભ વિસ્તારમાં આવતા અન્ય ૮ સ્ટેશનો પરથી નિયમિત અને વિશેષ ટ્રેનો સામાન્ય રીતે ચાલે છે.

વારાણસીની પણ આવી જ હાલત છે. કાશીમાં આવી રહેલી મોટી ભીડને જોતા પ્રશાસને શહેરમાં ઘણી જગ્યાએ ફોર વ્હીલર પર પ્રતિબંધ લગાવી દીધો છે. વારાણસીની બહાર જ બહારના વાહનોને રોકવામાં આવી રહ્યા છે. ભીડવાળી જગ્યાઓ પર સીસીટીવી અને ડ્રોન કેમેરા દ્વારા નજર રાખવામાં આવી રહી છે. ભક્તોની ભીડને જોતા અનેક જગ્યાએ રૂટ બદલવામાં આવ્યા છે.

કાશી વિશ્વનાથ મંદિર પ્રશાસનના જણાવ્યા અનુસાર ભક્તોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને વધારાનો સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે. મંદિર પ્રશાસનના જણાવ્યા અનુસાર દરરોજ લગભગ ચારથી છ લાખ ભક્તો દર્શન કરવા આવી રહ્યા છે. સરકારી આંકડાઓ અનુસાર, ૯ ફેબ્રુઆરી સુધી પ્રયાગરાજ મહાકુંભમાં ૪૩.૫૭ કરોડથી વધુ લોકોએ ગંગા અને સંગમમાં સ્નાન કર્યું છે. ૧૦ ફેબ્રુઆરીએ સવારે ૧૦ વાગ્યા સુધીમાં ૬૩ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ ગંગા અને સંગમમાં સ્નાન કર્યું હતું.

વધતી ભીડને જોતા અયોધ્યા અને વારાણસીમાં ૧૧ ફેબ્રુઆરીથી ૧૪ ફેબ્રુઆરી સુધી શાળાઓ બંધ રહેશે. અયોધ્યામાં ભીડને જોતા જિલ્લા મેજિસ્ટ્રેટ સી.વી. સિંહે તમામ શાળાઓને આગામી ચાર દિવસ સુધી બંધ રાખવાનો આદેશ આપ્યો છે. તેમજ જો શાળાઓ ઈચ્છે તો તેઓ ઓનલાઈન વર્ગો ચલાવી શકે છે.

### સાઉદી અરેબિયાએ હજને લઈને મોટો નિર્ણય લીધો

# હજમાં બાળકોનો પ્રવેશ બંધ કરી દેવામાં આવ્યો છે

**ભારત સહિત ૧૪ દેશોના વ્યક્તિઓ માત્ર સિંગલ-એન્ટ્રી વિઝા માટે પાત્ર બનશે**

નવી દિલ્હી,તા.૧૧

સાઉદી અરેબિયાએ હજને લઈને મોટો નિર્ણય લીધો છે. હવે હજમાં બાળકોનો પ્રવેશ બંધ કરી દેવામાં આવ્યો છે. સાઉદી અરેબિયાના હજ અને ઉમરાહ મંત્રાલયે કહ્યું છે કે હજ દરમિયાન દર વર્ષે વધતી ભીડને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ત્યારે સરકારે બાળકોની સુરક્ષા માટે આ નિર્ણય લીધો છે. સાઉદી સરકારે જણાવ્યું કે વર્ષ ૨૦૨૫માં તે લોકોને જ પ્રાથમિકતા આપવામાં આવશે જેઓ પહેલીવાર હજ કરવા આવ્યા છે. તમને જણાવી દઈએ કે હજ ૨૦૨૫ માટે રજીસ્ટ્રેશન શરૂ થઈ ગયું છે.

સાઉદી નાગરિકો અને રહવાસીઓ હવે નુસુક એપ અથવા સત્તાવાર વેબસાઈટ દ્વારા ૨૦૨૫ હજ સીઝન માટે ઔપચારિક રીતે અરજી કરી શકે છે. નવા નિયમો મુજબ, અરજદારોએ તેમની વિગતોની ચકાસણી કરવી પડશે અને તેમના પ્રવાસી સાથીઓની નોંધણી કરવી પડશે.

૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી, ભારત સહિત ૧૪ દેશોના વ્યક્તિઓ માત્ર સિંગલ-એન્ટ્રી વિઝા માટે પાત્ર બનશે. આ પગલાનો હેતુ મલ્ટિપલ-એન્ટ્રી વિઝાનો દુરુપયોગ અટકાવવાનો છે, જેનો ઉપયોગ કેટલાક યાત્રાળુઓ સત્તાવાર નોંધણી વિના હજ કરવા માટે કરે છે.

### દિલ્હીની આર્થિક સ્થિતિ વિરુદ્ધ બીજેપીના વચનો

# દિલ્હીમાં સત્તા મેળવવા જઈ રહેલી ભાજપ સામે ૧૦ સૌથી મુશ્કેલ પડકારો

**યમુનાની સફાઈ, કચરાના પહાડો અને મફતના ઢગલા દિલ્હીમાં સત્તા મેળવવા જઈ રહેલી ભાજપ સામે ૧૦ સૌથી મુશ્કેલ પડકારો**

નવીદિલ્હી,તા.૧૧

દિલ્હીમાં ઐતિહાસિક જીત બાદ, ભાજપ સામે સૌથી મોટો પડકાર રાજ્યની આર્થિક સ્થિતિને સંતુલિત કરવાની સાથે તેના વિશાળ ચૂંટણી વચનો પૂરા કરવાનો છે. ભાજપે દિલ્હીની ચૂંટણી આમ આદમી પાર્ટી અને અરવિંદ કેજરીવાલના યમુનાની સફાઈ, રસ્તાનું પાણી, કચરાના પહાડો અને સ્વચ્છતાના મુદ્દે અધૂરા વચનો પર લડી હતી. દિલ્હીની ચૂંટણી માટેના તેના ઢંઢેરામાં, ભગવા પાર્ટીએ કેજરીવાલના અધૂરા વચનો જનતાને પૂરા કરવાનું વચન આપ્યું હતું અને AAP કરતા આગળ કેટલીક મફતની જાહેરાત પણ કરી હતી. હવે જ્યારે દિલ્હીની જનતાએ ભાજપનો ૨૭ વર્ષનો વનવાસ ખતમ કરી દીધો છે, ત્યારે પાર્ટીની સામે તેના ઢંઢેરામાં આપેલા વચનો પૂરા કરવાનો પડકાર છે.

ભાજપના મુખ્ય વચનોમાં ગરીબ મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકો માટે દર મહિને રૂ. ૨,૫૦૦ની નાણાકીય સહાય (૭૦ વર્ષથી ઉપરના લોકો માટે રૂ. ૩,૦૦૦ સુધી), તમામ સગર્ભા સ્ત્રીઓ માટે રૂ. ૨૧,૦૦૦ અને ગરીબ પરિવારમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે કિન્ડરગાર્ટનથી પોસ્ટ ગ્રેજ્યુએશન સુધી મફત શિક્ષણનો સમાવેશ થાય છે. આ વચનો પૂરા કરવા માટે જરૂરી બજેટ અને દિલ્હીની આર્થિક સ્થિતિ વચ્ચે મોટો વિરોધાભાસ છે. જો કે ભાજપ માટે રાહતની વાત છે કે કેન્દ્રમાં પણ તેની સરકાર છે. તેથી, તેમણે દિલ્હીમાં તેમના વચનો પૂરા કરવા માટે નાણાકીય તંગીનો સામનો કરવો ન પડે. તેમ છતાં, કેટલાક વચનો એવા છે જે બજેટ ઉપલબ્ધ હોવા છતાં પૂરા કરવા એટલા સરળ નથી.

દિલ્હી સરકારના ડેટા અનુસાર, ૨૦૨૪-૨૫ માટે રાજ્યની અંદાજિત કર આવક રૂ. ૫૮,૭૫૦ કરોડ છે, જ્યારે કુલ બજેટ રૂ. ૭૬,૦૦૦ કરોડ છે. દિલ્હીનું શિક્ષણ બજેટ રૂ. ૧૬,૩૯૬ કરોડ (કુલ બજેટના ૨૨%) છે, ત્યારબાદ આવાસ, શહેરી વિકાસ, આરોગ્ય સંભાળ, પરિવહન અને સામાજિક કલ્યાણ કાર્યક્રમો અને યોજનાઓ પર ખર્ચ થાય છે. દિલ્હીના નાણા વિભાગે પહેલેથી જ સંભવિત ખાધ અંગે ચિંતા વ્યક્ત કરી છે, જેમાં પગાર, પેન્શન અને વહીવટી કાર્ય માટે બજેટના બે તૃતીયાંશ કરતાં વધુ ફાળવવામાં આવ્યા છે. આ નાણાકીય વર્ષના અંત સુધીમાં દિલ્હી સરકારને કરવેરા અને અન્ય સ્ત્રોતોમાંથી મળેલી આવક રૂ. ૬૪,૧૪૨ કરોડથી ઘટીને રૂ. ૬૨,૪૧૫ કરોડ થવાનો અંદાજ છે. જો આપણે ભાજપના ચૂંટણી વચનો પર નજર કરીએ તો, મહિલાઓને દર મહિને રૂ. ૨,૫૦૦ ની નાણાકીય સહાયની યોજના પર લગભગ ૧૧,૦૦૦ કરોડ રૂપિયા વાર્ષિક ખર્ચ થવાની ધારણા છે. અંદાજ મુજબ, દિલ્હીમાં લગભગ ૨૪.૪ લાખ વરિષ્ઠ નાગરિકો છે. તેમને દર મહિને રૂ. ૨૫૦૦ (૭૦ વર્ષથી વધુ વયના લોકો માટે રૂ. ૩૦૦૦ પ્રતિ માસ) પેન્શન આપવા માટે વાર્ષિક રૂ. ૪,૧૦૦ કરોડની વધારાની જરૂર પડશે.

એ જ રીતે, છેલ્લા કેટલાક વર્ષોમાં એકલા યમુનાની સફાઈમાં લગભગ રૂ. ૮,૦૦૦ કરોડનો ખર્ચ થયો છે અને તેમ છતાં આ નદી દિલ્હીમાં ગટર બનીને રહી ગઈ છે. દિલ્હીની સરકારી હોસ્પિટલોને અપગ્રેડ કરવા માટે અંદાજિત રૂ. ૧૦,૨૦૦ કરોડની જરૂર છે. દિલ્હી મેટ્રોના વિસ્તરણ હેઠળ ત્રીજા તબક્કાને પૂર્ણ કરવા અને ચોથા તબક્કાના વિકાસ માટે રૂ. ૨,૭૦૦ કરોડની જરૂર પડશે. દિલ્હીની આર્થિક સ્થિતિ અને બજેટના કદને ધ્યાનમાં રાખીને ભાજપની રાજ્ય સરકારે ઉપરોક્ત કામો માટે કેન્દ્ર સરકાર પાસેથી નાણાકીય સહાય લેવી પડશે. દિલ્હી બીજેપી ચીફ વીરેન્દ્ર સચદેવા પહેલા જ કહી ચુક્યા છે કે કેન્દ્ર સરકાર આર્થિક મદદ આપવા માટે તૈયાર છે. એક અખબાર સાથે વાત કરતા વીરેન્દ્ર સચદેવાએ કહ્યું, 'કેન્દ્રએ અગાઉ દિલ્હી સરકારને આયુષ્માન ભારત યોજના જેવી પહેલો લાગુ કરવા માટે નાણાકીય મદદની ઓફર કરી હતી, પરંતુ AAPએ દિલ્હીના લોકોને આ લાભ આપવાનો ઈનકાર કર્યો હતો. હવે જ્યારે ભાજપ જીતી ગયું છે, અમે અમારા વચનો પૂરા કરવા, લિકેજ પ્લગ કરવા અને ભ્રષ્ટાચારનો અંત લાવવા માટે ભંડોળની વ્યવસ્થા કરીશું. નવી સરકારને આગામી નાણાકીય વર્ષ માટેના બજેટને અંતિમ સ્વરૂપ આપવામાં ઓછામાં ઓછો એક મહિનાનો સમય લાગે છે. આ તરફ, નવી ભાજપ સરકાર માર્ચના અંત સુધીમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે દિલ્હીનું બજેટ રજૂ કરી શકે છે. બજેટ રજૂ થયા બાદ જ ખબર પડશે કે ભાજપ તેના ચૂંટણી વચનો પૂરા કરવાનો રોડમેપ શું હશે.

દિલ્હી માટે બીજેપીના ૧૦ મોટા ચૂંટણી વચનો

૧. ત્રણ વર્ષમાં યમુનાની સફાઈ અને રિવરફ્રન્ટનું નિર્માણ.

૨. ત્રણ વર્ષમાં કચરાનો પહાડ ઓછો કરવો.

૩. ગરીબ પરિવારની દરેક મહિલાને ૫૦૦ રૂપિયામાં એલપીજી સિલિન્ડર, હોળી-દિવાળી પર એક-એક ગેસ સિલિન્ડર મફત.

૪. દરેક ગરીબ મહિલાને દર મહિને ૨૫૦૦ રૂપિયાની આર્થિક સહાય.

૫. દરેક સગર્ભા સ્ત્રીને ૨૧૦૦૦ રૂપિયાની નાણાકીય સહાય અને ૬ પોષણ કીટ.

૬. પ્રથમ કેબિનેટમાં આયુષ્માન ભારત યોજના લાગુ કરવામાં આવશે, ૧૦ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા મળશે.

૭. વરિષ્ઠ નાગરિકોનું અટકેલું પેન્શન શરૂ થશે. ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને દર મહિને ૨૫૦૦ રૂપિયા અને ૭૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને ૩૦૦૦ રૂપિયા પ્રતિ માસ મળશે.

૮. કલ્યાણકારી યોજનાઓ જેમ કે ૨૦૦ યુનિટ સુધીની મફત વીજળી, ૨૦ હજાર લિટર મફત પાણી, મહિલાઓ માટે મફત બસ મુસાફરી ચાલુ રહેશે. આ યોજનાઓને વધુ અસરકારક અને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવામાં આવશે.

૯. દિલ્હીને પ્રદૂષણ મુક્ત બનાવવા માટે ૧૩૦૦૦ નવી ઈલેક્ટ્રિક બસો ઉપલબ્ધ થશે. દિલ્હીને ૧૦૦% ઈ-બસ શહેર બનાવશે. અમે ૨૦ હજાર કરોડ રૂપિયા ખર્ચીને છેલ્લા માઈલની કનેક્ટિવિટી સુનિશ્ચિત કરીશું.

૧૦. ઓટો-ટેક્સી ડ્રાઈવરો, ઈ-રિક્ષા ડ્રાઈવરો, ઘરેલું સહાયક અને ગીગ કામદારો માટે રૂ. ૧૦ લાખ સુધીનું જીવન વીમા અને રૂ. ૫ લાખ સુધીનું અકસ્માત વીમા કવરેજ પ્રદાન કરશે.

### કુલ ૧૧૬૫ નિવેદનો કે ભાષણોને રિસર્ચમાં આવરી લેવાયા હતાં

# ભારતમાં હેટ સ્પીચમાં ૭૪ ટકાનો ઉછાળો, PM મોદીનું ભાષણ પણ સામેલ: અમેરિકન રિપોર્ટ

**૨૦૨૪માં ભારતમાં લઘુમતીઓ વિરુદ્ધ નફરતી ભાષણોમાં ૭૪ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો**

નવી દિલ્હી,તા.૧૧

અમેરિકા સ્થિત રિસર્ચ ગ્રુપ દ્વારા ભારતમાં અપાતા ઉશ્કેરણીજનક ભાષણો પર એક રિસર્ચ કરવામાં આવ્યું હતું, જેમાં દાવો કરાયો છે કે વર્ષ ૨૦૨૪માં ભારતમાં લઘુમતીઓ વિરુદ્ધ નફરતી ભાષણોમાં ૭૪ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. ગત વર્ષે લોકસભાની ચૂંટણી યોજાઈ હતી જે સમયે પણ આવા ભાષણો અપાતા હોવાની નોંધ આ રિસર્ચમાં લેવાઈ છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા નફરતભર્યા ભાષણ અંગે જે વ્યાખ્યા અપાઈ છે તેને ધ્યાનમાં રાખીને આ રિપોર્ટ તૈયાર કરાયો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. દ્વારા કુલ ૧૧૬૫ નિવેદનો કે ભાષણોને રિસર્ચમાં આવરી લેવાયા હતાં, જે વર્ષ ૨૦૨૪માં અપાયા હતાં. આ ભાષણો ઉશ્કેરણીજનક કે નફરતભર્યા હોવાનું કહીને ગ્રુપે તેની સરખામણી વર્ષ ૨૦૨૩માં અપાયેલા આવા જ ભાષણ સાથે કરી હતી. વર્ષ ૨૦૨૩માં ઉશ્કેરણીજનક ભાષણની સંખ્યા ૬૬૮ હતી. એટલે કે એક જ વર્ષમાં ૭૪ ટકાનો વધારો થયો હતો. ગ્રુપ દ્વારા રજૂ કરવામાં આવેલાં રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, ગત વર્ષે લોકસભાની ચૂંટણી દરમિયાન સૌથી વધુ ઉશ્કેરણીજનક ભાષણો અપાયા છે જેમાં મુસ્લિમ સહિતના લઘુમતીઓને ટાર્ગેટ બનાવવામાં આવ્યા હતા. આ રિપોર્ટ એવા સમયે સામે આવી રહ્યો છે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકા જઈને રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને મળવાના છે. અમેરિકન ગ્રુપે નફરતી ભાષણોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અપાયેલા એક ભાષણનો પણ સમાવેશ કર્યો હતો અને દાવો કરાયો છે કે, નરેન્દ્ર મોદીએ મુસ્લિમોને ઘુસણખોરો કહ્યા હતાં. સાથે જ દાવો કરાયો છે કે, આ તમામ ઉશ્કેરણીજનક ભાષણોમાં ૮૦ ટકા ભાજપ કે તેના સાથી પક્ષો દ્વારા શાસિત રાજ્યોમાંથી અપાયા હતાં.

નોંધનીય છે કે, આ રિપોર્ટને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કરાયેલી હેટ સ્પીચ અંગેની વ્યાખ્યાને ધ્યાનમાં રાખીને તૈયાર કર્યો છે. આ વ્યાખ્યા મુજબ હેટ સ્પીચ એટેલ, 'એવું ભાષણ જેમાં ધર્મ, જાતિ, વંશના આધારે ભેદભાવભર્યા શબ્દોનો પ્રયોગ કરાતો હોય તેને ઉશ્કેરણી કે નફરતભર્યું ભાષણ માનવામાં આવે છે'.

### પાકિસ્તાન સાથે વાતચીત મુશ્કેલ

# મોદી સરકારના સમર્થનમાં આવ્યા દિગ્ગજ કોંગ્રેસી નેતા

**પાકિસ્તાન સાથે હવે કોઈપણ અવરોધ વિના વાતચીત શક્ય નથી તેમણે કહ્યું કે ૨૬/૧૧ના મુંબઈ હુમલા જેવા ઘા ભૂલી શકાય તેમ નથી**

નવી દિલ્હી,તા.૧૧

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને તિરુવનંતપુરમના સાંસદ શશિ થરૂરે કહ્યું છે કે પાકિસ્તાન સાથે હવે કોઈપણ અવરોધ વિના વાતચીત શક્ય નથી. તેમણે કહ્યું કે ૨૬/૧૧ના મુંબઈ હુમલા જેવા ઘા ભૂલી શકાય તેમ નથી. હવે એવું કામ કરવું ખૂબ જ મુશ્કેલ છે જાણે કશું જ થયું નથી. સરકારે પાકિસ્તાન સાથે વાત કરવાનો નિર્ણય લીધો હતો ત્યારે પણ મુંબઈમાં આતંકવાદી હુમલો થયો હતો. આવી સ્થિતિમાં વિદેશ મંત્રી એસ જયશંકરે સાચું કહ્યું હતું કે પાકિસ્તાન સાથે હવે સામાન્ય રીતે વાતચીત થઈ શકે નહીં.

શશિ થરૂરે એમ પણ કહ્યું કે પાકિસ્તાનના લોકો સાથે લોકો વચ્ચેનો સંપર્ક વધારવો જોઈએ. પાકિસ્તાનીઓને વધુમાં વધુ વિઝા આપવા જોઈએ. થરૂરે કહ્યું કે જે પણ પાકિસ્તાનથી ભારત આવે છે, તે આપણા દેશને પ્રેમ કરે છે. ફોરેન કોરોસ્પોન્ડન્ટ્સ ક્લબમાં એક પુસ્તકના વિમોચન પ્રસંગે શશિ થરૂરે કહ્યું કે વાતચીત બંધ કરવી એ પણ નીતિ નથી. પઠાણકોટ અને મુંબઈમાં પાકિસ્તાને કરેલા હુમલા ક્યારેય ભૂલી શકાય તેમ નથી.સંસદીય સમિતિના જૂના અહેવાલને ટાંકીને તેમણે કહ્યું કે જો તમે પાકિસ્તાનમાં ભારતની છબી સુધારવા માંગો છો, તો તમારે વધુ લોકોને વિઝા આપવા પડશે. અમે પોતે કહ્યું હતું કે વ્યૂહાત્મક સ્તરે પાકિસ્તાન પર ભરોસો ન કરી શકાય પરંતુ લોકો વચ્ચેના સંબંધો મજબૂત કરવા જરૂરી છે. જો ભારત આમ કરશે તો પાકિસ્તાનમાં પણ ભારતને સમર્થન વધશે અને ત્યાંના લોકો શાંતિની માંગણી સાથે આગળ આવશે.

શશિ થરૂરે કહ્યું કે એવો કોઈ પાકિસ્તાની નથી જે ભારતમાં આવ્યો હોય અને તેને આપણા દેશ સાથે પ્રેમ ન થયો હોય. પ્રવાસીઓ, ગાયકો, સંગીતકારો અને ખેલૈયાઓ પણ કહે છે કે તેઓ ભારત આવવા માંગે છે. તેમણે કહ્યું કે વર્તમાન સરકાર પણ કહે છે કે આતંકવાદ અને મંત્રણા સાથે ન ચાલી શકે.

વિદેશ મંત્રી એસ જયશંકરે પણ કહ્યું હતું કે પાકિસ્તાન સાથે અવિરત વાતચીતનો સમય પૂરો થઈ ગયો છે. તેમણે કહ્યું કે જો કોઈ સરકાર આ મુદ્દાને કડકાઈથી જુએ છે તો પાકિસ્તાન તેને મંત્રણા સમાપ્ત કરવા દબાણ કરે છે. તેમણે કહ્યું કે એવું ન હોઈ શકે કે મંત્રણાને કાયમ માટે ખતમ કરવાની જાહેરાત કરવામાં આવે. પરંતુ જૂના મુદ્દાઓને ભૂલીને મિત્રોની જેમ વાત કરવી શક્ય નથી.

### PMમોદીનું ઈન્ડિયા એનર્જી વીકમાં સંબોધન

# ભારત એનર્જી ક્ષેત્રે ૨૦૩૦ પહેલાં જ તમામ લક્ષ્યાંકો હાંસલ કરી લેશે

**વિશ્વના દરેક એક્સપર્ટ કહી રહ્યા છે કે, ૨૧મી સદી ભારતની સદી છે**

નવી દિલ્હી,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ડિયા એનર્જી વીક ૨૦૨૫ કાર્યક્રમને સંબોધિત કરતાં કહ્યું કે, 'ભારત દરેક સેક્ટરમાં ઝડપથી વિકસી રહ્યો છે. આગામી બે દાયકા ભારત માટે મહત્ત્વના છે. છેલ્લા ૧૦ વર્ષમાં ભારતનો જે ગ્રોથ જોવા મળ્યો છે, તેને ધ્યાનમાં રાખતાં વિશ્વાસ છે કે, આપણે એનર્જી સેક્ટરમાં ગ્રોથ માટે મૂકેલા લક્ષ્યાંક પહેલાં જ હાંસલ કરી લઈશું.'દિલ્હીમાં ઈન્ડિયા એનર્જી વીક ૨૦૨૫ની શરૂઆત કરતાં વડાપ્રધાને કહ્યું કે, 'વિશ્વના દરેક એક્સપર્ટ કહી રહ્યા છે કે, ૨૧મી સદી ભારતની સદી છે. ભારત પોતાનો જ નહીં, પણ વિશ્વના ગ્રોથને પણ વેગ આપી રહ્યો છે. જેમાં આપણા એનર્જી સેક્ટરની ભૂમિકા મહત્ત્વની રહી છે. ભારતની એનર્જી મહત્ત્વાકાંક્ષાઓ પાંચ પિલર પર નિર્ભર છે. પ્રથમ આપણી પાસે રિસોર્સ છે, જે આપણને વેગ આપે છે. બીજું આપણે બ્રિલિયન્ટ માઈન્ડને ઈનોવેશન માટે પ્રોત્સાહન આપી રહ્યા છીએ.

ત્રીજું આપણી પાસે આર્થિક અને રાજકીય સ્થિરતા છે, અને ચોથુ ભારત પાસે જિઓગ્રાફિક સ્થિતિ છે. જે એનર્જી ટ્રેડને વધુ આકર્ષક અને સરળ બનાવે છે. પાંચમું ભારત ગ્લોબલ સસ્ટેનેબિલિટી માટે પ્રતિબદ્ધ છે. જેનાથી ભારતના એનર્જી સેક્ટરમાં નવી સંભાવનાઓ તૈયાર થઈ રહી છે.'

### ટ્રમ્પના આદેશથી અદાણી જૂથને રાહત

# રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફોરેન કરપ્ટ પ્રેક્ટિસ એક્ટ નાબૂદ કરી દીધો

**આ કાયદા હેઠળ અમેરિકામાં બિઝનેસ માટે વિદેશી અધિકારીઓને લાંચ આપવી ગુનો છે**

નવી દિલ્હી,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અમેરિકા પ્રવાસ પહેલાં જ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફોરેન કરપ્ટ પ્રેક્ટિસ એક્ટ નાબૂદ કરી દીધો છે. આ નિર્ણય દૂર થતાં ગૌતમ અદાણી વિરૂદ્ધ અમેરિકામાં મૂકાયેલા આરોપો દૂર થવાની આશા વધી છે. આ કાયદા હેઠળ અમેરિકામાં બિઝનેસ માટે વિદેશી અધિકારીઓને લાંચ આપવી ગુનો છે.

ટ્રમ્પે એફસીપીએને નાબૂદ કરતાં આદેશ પર હસ્તાક્ષર કરતી વખતે જણાવ્યું હતું કે, આ કાયદો કંપનીઓ માટે વૈશ્વિક સ્તરે નુકસાનકારક છે. તેમજ તેમણે એટર્ની જનરલને એફસીપીએ અંતર્ગત કાર્યવાહીઓ તાત્કાલિક ધોરણે બંધ કરવા નિર્દેશ આપ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પના આ નિર્ણયથી અદાણી ગ્રૂપના શેરોમાં તેજી આવી છે. અદાણી ગ્રૂપના શેર ૫ ટકા સુધી ઉછળ્યા હતાં. ઉલ્લેખનીય છે, ગૌતમ અદાણીની અદાણી ગ્રીન એનર્જી અમેરિકામાં એફસીપીએ હેઠળ કાર્યવાહીનો સામનો કરી રહી છે. જેમાં આરોપ મૂકાયો છે કે, તેમણે નવા પ્રોજેક્ટ મેળવવા માટે ભારતના અધિકારીઓને ૨૧૦૦ કરોડની લાંચ આપી હતી. જો કે, આ આરોપોને અદાણી ગ્રૂપ અને ગૌતમ અદાણી સતત નકારી રહ્યા છે. ફોરેન કરપ્ટ પ્રેક્ટિસિસ એક્ટ અંતર્ગત અમેરિકામાં કાર્યરત કંપની કે બિઝનેસમેન દ્વારા વિદેશોમાં બિઝનેસ હાંસલ કરવા માટે વિદેશી અધિકારીઓને લાંચ કે ભેટ આપવી ગુનો બને છે. ટ્રમ્પે પોતાના પ્રથમ કાર્યકાળમાં જ આ કાયદો દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. ટ્રમ્પે જણાવ્યું હતું કે, 'આ કાયદાના લીધે કોઈપણ વેપારી કે બિઝનેસમેન અમેરિકા સાથે બિઝનેસ કરવા માગતો નથી. જે અમેરિકાના અર્થતંત્ર માટે નુકસાનકારક છે.' ફેક્ટ શીટ અનુસાર, અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા અમેરિકા અને તેની કંપનીઓ દ્વારા વિશ્વમાંથી મેળવવામાં આવતાં વ્યૂહાત્મક વાણિજ્ય લાભો પર નિર્ભર છે. પરંતુ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના મતે એફસીપીએનો અમલ અમેરિકાની કંપનીઓની પ્રતિસ્પર્ધા ઘટાડે છે.

અમેરિકાના SEC અને ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસે ૨૦ નવેમ્બર, ૨૦૨૪ના રોજ ભારતના અબજોપતિ બિઝનેસમેન ગૌતમ અદાણી, તેમના ભત્રીજા સાગર અદાણી, બિઝનેસ એસોસિએટ એઝ્યોર પાવર ગ્લોબલ લિ. અને અન્ય વરિષ્ઠ એક્ઝિક્યુટીવ્સ પર ૨૫૦ મિલિયન ડોલર (રૂ. ૨૧૦૦ કરોડ)ની લાંચ આપવાના આરોપસર એફસીપીએ હેઠળ તપાસ કાર્યવાહી હાથA ધરવાની જાહેરાત કરી હતી.

તેમણે આરોપ મૂક્યો હતો કે, અદાણી ગ્રૂપની ગ્રીન એનર્જીએ અમેરિકાના રોકાણકારોને ભારતથી નવા પ્રોજેક્ટ મળવાના હોવાનું ખોટું વચન આપી ૧૭૫ મિલિયન ડોલરનું ફંડ ઉઘરાવ્યું હતું. તેમજ તેમણે ભારતના અમુક અધિકારીઓને રૂ. ૨૧૦૦ કરોડની લાંચ આપી હતી. આ કાયદા હેઠળ અદાણી અને તેમના ભત્રીજાની ધરપકડ માટે વોરંટ પણ જારી કર્યા હતાં. આ કાયદો નાબૂદ થવાથી અદાણી ગ્રૂપ પર ચાલી રહેલી કાર્યવાહી બંધ થાય તેવી શક્યતાઓ છે.

કોંગ્રેસ પાર્ટીનો મોટો દાવો

# ભગવંત માનને મુખ્યમંત્રી પદ પરથી હટાવવાની તૈયારી કરી રહી છે AAP

## દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની હાર બાદ પંજાબમાં પણ ઉથલપાથલ શરૂ થઈ ગઈ છે

નવી દિલ્હી, તા.૧૧

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની હાર બાદ પંજાબમાં પણ ઉથલપાથલ શરૂ થઈ ગઈ છે. પંજાબ કોંગ્રેસના નેતા પ્રતાપ સિંહ બાજવાએ મોટો દાવો કર્યો છે.રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં સત્તા ગુમાવ્યા બાદ પંજાબમાં રાજકીય ઉથલપાથલ વધુ તીવ્ર બની છે. કારણ કે અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી પાસે હવે ફક્ત પંજાબમાં જ સરકાર બચી છે. આવી સ્થિતિમાં સવાલો ઉભા થઈ રહ્યા છે કે શું કેજરીવાલ હવે પંજાબના મુખ્યમંત્રી પદ સંભાળશે? શું ભગવંત માનને મુખ્યમંત્રી પદ પરથી હટાવવામાં આવશે? રાજકીય ગલિયારાઓમાં આ પ્રશ્નો ઝડપથી વેગ પકડી રહ્યા છે. આનું મુખ્ય કારણ મંગળવારે પંજાબના AAP ધારાસભ્યો સાથે કેજરીવાલની મુલાકાત છે. AAP કન્વીનરે દિલ્હીમાં આ બેઠક બોલાવી છે. કેજરીવાલ મંગળવારે (૧૧ ફેબ્રુઆરી) સવારે 11 વાગ્યે કપૂરથલા ભવનમાં તમામ ધારાસભ્યોને મળશે. એવું માનવામાં આવે છે કે આ કારણોસર 10 ફેબ્રુઆરીએ યોજાનારી પંજાબ સરકારની કેબિનેટ બેઠક પણ મુલતવી રાખવામાં આવી હતી.પંજાબના આમ આદમી પાર્ટીના ધારાસભ્યો અને મંત્રીઓને બોલાવવામાં આવ્યા બાદ, પંજાબ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા પ્રતાપ સિંહ બાજવાએ સોમવારે કહ્યું કે આમ આદમી પાર્ટી ભગવંત માનને પંજાબના મુખ્યમંત્રી પદ પરથી દૂર કરવા માટે જમીન તૈયાર કરી રહી છે. તેમણે કહ્યું, "દિલ્હીમાં તાજેતરમાં મળેલી શરમજનક હાર બાદ, એવું લાગે છે કે AAP પંજાબમાં રક્ષણાત્મક વલણ અપનાવી રહી છે.

ઝાડુ પક્ષે સરહદી રાજ્યમાં પોતાનું વિનાશક ભવિષ્ય જોઈ લીધું છે. આ પછી, આમ આદમી પાર્ટીના ટોચના નેતૃત્વએ પંજાબમાં પોતાની સરકાર બચાવવા માટે પગલાં લેવાનું શરૂ કરી દીધું છે અને કદાચ આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારી કરી રહ્યા છે."કોંગ્રેસના વરિષ્ઠ નેતા બાજવાએ જણાવ્યું હતું કે ભગવંત માનના અયોગ્ય નેતૃત્વ હેઠળ પંજાબમાં AAP સરકાર તેના ઘણા વચનો પૂરા કરવામાં ખરાબ રીતે નિષ્ફળ ગઈ છે, જેમાં મહિલાઓને દર મહિને 1000 રૂપિયા આપવા, ખાણકામમાંથી વાર્ષિક 20,000 કરોડ રૂપિયાની કમાણી, કાયદો અને વ્યવસ્થામાં સુધારો અને ડ્રગ્સના દુષણ અને ભ્રષ્ટાચારને દૂર કરવાનો સમાવેશ થાય છે. તેથી તેમનું મુખ્યમંત્રી પદ પહેલેથી જ દાવ પર છે.કેબિનેટ બેઠક ફરીથી મુલતવી રાખવા બદલ AAP સરકારની ટીકા કરતા બાજવાએ કહ્યું કે પંજાબમાં છેલ્લી કેબિનેટ બેઠક 5 ઓક્ટોબરના રોજ યોજાઈ હતી. પંજાબ સંબંધિત મુદ્દાઓ પ્રત્યે AAP સરકારની અનિર્ણાયકતાનો શ્રેષ્ઠ અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેમણે છેલ્લા 4 મહિનાથી કેબિનેટની બેઠક બોલાવવાનો પ્રયાસ કર્યો નથી.

અરવિંદ કેજરીવાલની સ્પષ્ટતા

# પંજાબમાં નહીં થાય નેતૃત્વ પરિવર્તન, બેઠક બાદ કેજરીવાલનું મોટું નિવેદન

## પંજાબમાં એ જ નેતૃત્વ રહેશે અને એ જ કાર્ય ચાલુ રહેશે.

નવીદિલ્હી,તા.૧૧

પંજાબમાં મુખ્યમંત્રી બદલવાના નથી, આ અંગે આપ ના વડા અરવિંદ કેજરીવાલે સંકેત આપ્યા છે. આપના ધારાસભ્યો સાથે મુલાકાત બાદ તેમણે જણાવ્યું હતું કે, 'પંજાબમાં એ જ નેતૃત્વ રહેશે અને એ જ કાર્ય ચાલુ રહેશે.' હવે આ નિવેદન મહત્ત્વનું છે કારણ કે દિલ્હીમાં ચૂંટણી હાર પછી, એવી અટકળો ચાલી રહી હતી કે અરવિંદ કેજરીવાલ હવે પંજાબ તરફ વળશે.

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સ્પષ્ટ કર્યું છે કે, પંજાબમાં કોઈ નેતૃત્વ પરિવર્તન થવાનું નથી. આનો સ્પષ્ટ અર્થ એ છે કે ભગવંત માન પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર ચલાવતા રહેશે. જોકે, આ પહેલા સીએમ ભગવંત માને મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું કે, 'પંજાબને આપેલા તમામ વચનો પૂરા કરવામાં આવશે, દરેક ગેરંટી પૂરી કરવામાં આવશે.'

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને જણાવ્યું હતું કે, 'પંજાબના અમારા બધાં કેબિનેટ મંત્રીઓ અને ધારાસભ્યો બેઠકમાં આવ્યા હતા.

અમારા રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ પણ આવ્યા હતા. દિલ્હીની ચૂંટણીમાં પંજાબના અમારા સાથીઓએ ખૂબ મહેનત કરી, તેથી તેમનો આભાર માન્યો હતો.પંજાબમાં અમારી સરકાર લોકોના હિતમાં ઘણું કામ કરી રહી છે, પછી ભલે તે વીજળીનું ક્ષેત્ર હોય કે શિક્ષણનું, અમે ત્યાં કામ કરી રહ્યા છીએ અને આપણે તેને વધુ વેગ આપવાનો છે.'

ભગવંત માનએ વધુમાં જણાવ્યું હતું કે, 'જીત અને હાર હોય છે, અમે દિલ્હીની ટીમના અનુભવનો ઉપયોગ પંજાબમાં કરીશું. અમારી પાર્ટી તેના કામ માટે જાણીતી છે, અમે ધર્મ કે ગુંડાગીરીનું રાજકારણ નથી કરતા.આજે અમારી દિલ્હી અને પંજાબની ટીમોએ સાથે મળીને નિર્ણય લીધો છે કે અમે પંજાબને એક મોડેલ બનાવીશું અને દેશને બતાવીશું.'

ભાજપની વોટ બેંક ગણાતા

# રઘુવંશી સમાજને પાલિકામાં સ્થાન ન મળતા નારાજગીનો માહોલ ઉભો થયો

## ચલાલામાં ટિકીટ કપાતા રોષની આંધી



ચલાલા,તા.૧૧

ચલાલા નગર પાલીકાની સામાન્યચુંટણી૨૦૨૫માંનગર પાલીકાના ઈતિહાસમાં પહેલીવાર રઘુવંશી સમાજે ટીકીટ માગેલ હોવા છતા ટીકીટ નહી ફાળ વતા રઘુવંશી સમાજના આગેવાનોએ આક્રોષ સાથે અણગમો વ્યકત કર્યો છે. ચલાલાનાવતનીઅનેહાલઅમદાવાદરહેતા ગુજરાત રઘુવંશી ક્રાંન્તિ મંચના ઉપ પ્રમુખ અને અમરેલી ચેમ્બર ઓફ કોમર્સના પુર્વ પ્રમુખમહેશભાઈ નગદીયા,ચલાલાનાવતની હાલ રાજકોટ રહેતા ગુજરાત રઘુવંશી વેપારી અગ્રણી રજનીભાઈ વીઠલાણી, તેમજઅમરેલીજીલ્લારઘુવીર સેનાનાપ્રમુખ વિશાલભાઈ સોઢા, અને ચલાલાના વતની અને હાલ અમરેલી રહેતા રઘુવંશી વેપારી આગેવાનપ્રવીણભાઈ સોઢા,અમરેલીજીલ્લા રઘુવીર સેનાનાઉપપ્રમુખઅનેસાવરકુંડલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મહેશભાઈ મશરૂ, સહીતનાઓની સંયુકત અખબારી યાદીમાં જણાવે છે કે મોટાભાગનો સમગ્ર ગુજરાત લોહાણા સમાજ ભારતીય જનતા પક્ષ તરફ ઢળેલો છે અને ભારતીય જનતા પાર્ટીની વિચાર ધારાને સમર્પીત છે. ત્યારે ચલાલા નગર પાલીકાના ઈતિહાસમાં પહેલીવાર ભાજપ પક્ષ પાસે માગેલ ટીકીટ રઘુવંશી સમાજમાંથી એક પણને ટીકીટ નહી ફાળવતા મોટા ભાગના રઘુવંશી સમાજના આગેવાનોમાંઆક્રોષ સાથેઅણગમોવ્યાપેલ છે.ચલાલા રઘુવંશી મહીલા અગ્રણી અને ચલાલા નગર પાલીકા પુર્વ પ્રમુખ શ્રીમતી ગીતાબેન કારીયા અને ચલાલા રઘુવંશી અગ્રણી અને ચલાલા શહેર ભાજપના પૂર્વ મહામંત્રીતેમજ ગતટર્મમાંવોડ નં. ૪માંશ્રેષ્ઠ કામગીરી કરીનેલોકો પાસેથી ૧૦૮નુંબિરૂદ મેળવનાર પ્રકાશભાઈ કારીયા અને ચલાલા લોહાણા સમાજના યુવા અગ્રણી હર્ષભાઈ નગદીયાએ વોડ નં. ૪માંથી ભારતીય જનતા પક્ષમાંથી ટીકીટ માટે પાર્ટીની ગાઈડ લાઈન મુજબ દાવેદારી કરી હતી. પંરતુ ભારતીય જનતા પાર્ટી એક પણ ટીકીટ રઘુવંશી સમાજને આપી નથી. વધુમા રઘુવંશી આગેવાનોને જાણવા મળેલ માહીતી મુજબ ચલાલાના સ્થાનીક ધારાસભ્ય જે.વી.ભાઈ કાકડીયા ની આ ત્રણેય ટીકીટના રઘુવંશી દાવેદાર સામેની નારાજગી અને આ ત્રણેય રઘુવંશી દાવેદાર વિઢપ્રધ પાર્ટીમાં રજુઆત કરાતા ચલાલા મા રઘુવંશીની ટીકીટ પહેલીવાર કપાણી હતી. વધુમાં જણાવેલ કે અમોએ ધારાસભ્ય જે.વી. કાકડીયા, અને સરકારના મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા સાથે ટેલીફોનીક વાત કરી અમારો આક્રોષ અને અણગમો રજુકરેલછે.હજુઅમોટુંકસમયમાંગુજરાત પ્રદેશભાજપપ્રમુખપાટીલનેલેખીતરજુઆત કરવાજવાનાછીએ.વધુમાંરઘુવંશીસમાજના આગેવાનોએજણાવેલકેભુતકાળમાંચલાલા પંચાયત અને નગરપાલીકામાં ચલાલા લોહાણામહાજનનાસન્માનનિયપુર્વપ્રમુખ નંદલાલભાઈ વિઠલાણી, પી.સી. મગદાણી, સ્વ. દિનુભાઈ સાદ્રાણી, નવલભાઈ મગદાણી, ડો.જે.બી. ઠકકર, સ્વ. વિનુભાઈ નગદીયા, સ્વ. વિજયાબહેન ચાંદરાણી, સ્વ.પ્રવીણભાઈ રાજા, સહીતનાઓ રઘુવંશીઓ, સ્થાનીક સ્વરાજયની ચુંટણી લડતા અને આજ સુધી ચલાલા નગરપાલીકામાં રઘુવંશી સમાજ વતી પ્રતિનિધિત્વ કરતા હતા. અંતમા આગેવાનોએ જણાવેલ છે કે ચલાલાના ધારાસભ્યને રઘુવંશી સમાજ સાથે વાંધો શુછે તેઅમોનેસમજાતુ નથી. તેમ અંતમાં જણાવેલછે.

મેળા ક્ષેત્રમાં ગાડીઓનો પ્રવેશ બંધ

# મહાકુંભમાં ચક્કાજામ બાદ સીએમ યોગીની તાબડતોબ બેઠક

## છેલ્લા અઠવાડિયા દરમિયાન પ્રયાગરાજ આવતા ભક્તોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે

પ્રયાગરાજ, તા.૧૧

પ્રયાગરાજ મહાકુંભમાં શ્રદ્ધાળુઓના ધસારાને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મોડી રાત્રે પોલીસ અને વહીવટી અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રીએ માઘ પૂર્ણિમાના અવસરે યોજાનાર અમૃત સ્નાન માટેની વ્યવસ્થાઓની સમીક્ષા કરી. મહાકુંભનું પાંચમું માઘ પૂર્ણિમા સ્નાન ૧૨મી ફેબ્રુઆરીએ થશે. ત્યાર મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વધુ સારી ટ્રાફિક અને ભીડ વ્યવસ્થાપન યોજના લાગુ કરવા સૂચનાઓ આપી છે.સોમવારે મોડી રાત્રે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા યોજાયેલી બેઠક દરમિયાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તૈયારીઓની સમીક્ષા કરી હતી. જેમાં સરકારી સ્તરના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં, પ્રયાગરાજ, કૌશાંબી, કાનપુર, સુલતાનપુર, અમેઠી, વારાણસી, અયોધ્યા, મિર્ઝાપુર, જૌનપુર, ચિત્રકૂટ, બાંદા, પ્રતાપગઢ, ભદોહી, રાયબરેલી, ગોરખપુર, મહોબા અને લખનઉ જેવા જિલ્લાઓ/ઝોન/રેન્જમાં તૈનાત વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને વિભાગીય કમિશનરો અને જિલ્લા વહીવટી અધિકારીઓને કાર્યક્રમનું સુચારુ સંચાલન સુનિશ્ચિત કરવા માટે અનેક માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે.મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે, 'છેલ્લા અઠવાડિયા દરમિયાન પ્રયાગરાજ આવતા ભક્તોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. જાહેર પરિવહનની સાથે, મોટી સંખ્યામાં ખાનગી વાહનો પણ આવી રહ્યા છે અને સ્નાન મહોત્સવ દરમિયાન આ સંખ્યા વધુ વધવાની ધારણા છે. જેને ધ્યાનમાં રાખીને, એક સુવ્યવસ્થિત ટ્રાફિક અને ભીડ વ્યવસ્થાપન યોજના અમલમાં મૂકવી જોઈએ.તેમણે અધિકારીઓને ગેરમાર્ગે દોરનારી કે ખોટી માહિતી ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવાનો પણ નિર્દેશ આપ્યો. બેઠકમાં, તેમણે અધિકારીઓને ખાતરી કરવા જણાવ્યું કે, 'કોઈપણ મૂંઝવણ કે ગભરાટ ટાળવા માટે જનતાને તાત્કાલિક સચોટ માહિતી આપવામાં આવે.'પ્રયાગરાજમાં રસ્તાઓ પર ચક્કાજામઉલ્લેખનીય છે કે, મહાકુંભ મેળો સમાપ્તિના આરે છે. એવામાં કરોડો શ્રદ્ધાળુઓની ભીડ ઉમટી પડી છે. જેના લીધે પ્રયાગરાજમાં રસ્તાઓ પર ચક્કાજામ થયો છે. તંત્ર અને સત્તાધીશો સતત સુવ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા પ્રયાસો કરી રહ્યા છે. પરંતુ લોકો કલાકો સુધી લોકો ટ્રાફિકમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે.

ચીન આપે છે ખતરનાક હથિયારોઃ નિષ્ણાતોનો દાવો

# ભારતથી ૧૫ વર્ષ આગળ નીકળી જશે પાકિસ્તાન

## પાકિસ્તાનને ચીનના આ ખતરનાક એરક્રાફ્ટ મળી જવાથી દક્ષિણ એશિયા ક્ષેત્રમાં શક્તિ સંતુલન બદલી શકે છે

પાકિસ્તાન,તા.૧૧

પાકિસ્તાની એરફોર્સ ચીન પાસેથી ૪૦ અત્યાધુનિક J-૩૫A ફાઈટર એરક્રાફટ ખરીદી શકે છે. આ ફાઈટર એરક્રાફટથી પાકિસ્તાની એરફોર્સની તાકાતમાં ખૂબ જ વધારો થઈ જશે અને તેનાથી ક્ષેત્રીય શક્તિ સંતુલન બગડી શકે છે. પાકિસ્તાનના નિવૃત એર કોમોડોર જીયા ઉલ હક શમશીનું કહેવું છે કે, 'પાંચમી પેઢીના J-૩૫ એરક્રાફટ પાકિસ્તાની એરફોર્સની તાકાતમાં ઘણો વધારો કરશે. ભવિષ્યમાં લગભગ ૧૫ વર્ષ સુધી ભારતીય એરફોર્સ પાસે આવું એક પણ એરક્રાફટ હશે નહી.' ડિફેન્સ સિક્યુરીટી એશિયાની રીપોર્ટ અનુસાર, પાકિસ્તાનને ચીનના આ ખતરનાક એરક્રાફટ મળી જવાથી દક્ષિણ એશિયા ક્ષેત્રમાં શક્તિ સંતુલન બદલી શકે છે. પાકિસ્તાની એરફોર્સે ગત વર્ષે J-૩૫A સ્ટીલ્થ ફાઈટર એરક્રાફટ ખરીદવાના સંકેત આપ્યા હતા. ચીનના શેનયાંગ એરક્રાફટ કોર્પોરેશને આ અત્યાધુનિક જેટને બનાવ્યું છે. પાકિસ્તાની મીડિયાએ દાવો કર્યો છે કે, પાકિસ્તાની એરફોર્સના પાયલોટ J-૩૫A ફાઈટર એરક્રાફટની ટ્રેનીંગ માટે હાલ ચીનમાં છે. ચીનનું માઈટી ડ્રેગન J-૨૦ બાદ J-૩૫A બીજું સ્ટીલ્થ એરક્રાફટ છે. J-૨૦ માત્ર ચાઈનીઝ એરફોર્સ માટે છે. જ્યારે J-૩૫A બીજા દેશોને પણ ચીન આપી રહ્યું છે. પાકિસ્તાની એરફોર્સ પહેલાથી જ ચીનનું J-૧૦C અને સંયુક્ત રૂપે વિકસિત JF-૧૭ એરક્રાફટનો ઉપયોગ કરી રહી છે.

જૂના થઈ રહેલા યુએસ F-૧૬ અને ફ્રાન્સના મિરાજ ૫ વિમાનોના કાફલાને બદલવા માટે પાકિસ્તાની એરફોર્સ J-૩૫A મેળવી રહી છે. J-૩૫A એક સિંગલ-સીટ, ટ્વીન એન્જિનવાળું, મધ્યમ કદનું સ્ટીલ્થ ફાઈટર છે. તેની ગણતરી વિશ્વના સૌથી અદ્યતન ફાઈટર પ્લેનમાં થાય છે. ચીન J-૩૫A ને યુએસ F-૩૫B અને F-૩૫C વેરિઅન્ટ્સના સીધા હરીફ તરીકે સ્થાપિત કરી રહ્યું છે. જો પાકિસ્તાનને અત્યાધુનિક J-૩૫ એરક્રાફટ મળી જશે તો ભારત માટે આ ચિંતાનો વિષય છે. કારણ કે, ઈન્ડિયન એરફોર્સ ઘણાં સમયથી ફાઈટર એરક્રાફટના અછતનો સામનો કરી રહી છે. હાલ ઈન્ડિયન એરફોર્સ સુખોઈ -૩૦MKI અને રાફેલ જેવા ૪.૫ પેઢીના ફાઈટર એરક્રાફટ પર નિર્ભર છે. ચાઈનીઝ એરફોર્સ પહેલેથી જ J-૨૦ એરક્રાફટનું સ્વેદેશી ધોરણે ઉત્પાદન કરી રહી છે. જો પાકિસ્તાનને હવે J-૩૫A મળે છે, તો ભારતને પાંચમી પેઢીના ફાઈટર જેટ ખરીદવાના પ્રયાસો વહેલી તકે કરવા પડશે.

ભાજપ, કોંગ્રેસ અને ''આપ'' વચ્ચે ટક્કર

# આ દેખે જરા : ચલાલા પાલિકાની ચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ જામ્યો

## ઉમેદવારો પ્રચારકાર્યમાં વ્યસ્ત બન્યા





ચલાલા,તા.૧૧

ચલાલામાં નગરપાલીકાની સામાન્ય ચુંટણી પ્રસાર પ્રચારનો જંગ જામ્યો છે. બે વર્ષના વહીવટ દાર શાસન પછી આવેલ ચલાલા નગર પાલીકાની ૨૦૨૫ની સામાન્ય ચુંટણીમાં ભાજપ કોંગ્રેસ અને આપ સહીત ત્રણેય રાજકીય પક્ષો એ નગરપાલીકાની સત્તા કબ્જે કરવાચુંટણીપ્રસાર પ્રચારમાંએટીચોટીનું જોર લગાવી મતદારોને મત આપવા માટે વિણવની કરી રહ્યા છે. ત્રણેય પક્ષો દ્વારા નાકા ગલ્લી સહીત બજારોમાં અને ચોકમાં ઠેર ઠેર ધજા પતાકા બેનરો લગાવી દિધા છે. વોડ વાઈજો કાર્યૅલયો ખુલા મુકી રહ્યા છે. મતદારો માટે ગાંઠીયા, ભજીયા, ચા, પાણી, આઈસક્રીમની વ્યવસ્થા ચાલુ કરી દેવામા આવી છે. તા ૧૬ ફેબ્રુઆરીના યોજનાર ચુંટણીમાં કુલ ૭ વોડમાં ત્રણેય પક્ષોના થઈને ૪૮ ઉમેદવારો ચુંટણી જંગ લડી રહ્યા છે. તેમા નીયમ મુજબ ૨૪ મહીલા ઉમેદવારો છે. આ ચુંટણીમાં કોંગ્રેસ અને આપ ગઠબંધન કરી સંયુકત રીતે ચુંટણી લડી રહ્યા છે. ગત ન.પા.મા ભાજપને ૧૭ અને કોંગ્રેસને ૭ બેઠકો મળી હતી. એન.સી.પી.ને એક પણ બેઠક નોતી મળી. નગરજનોએ ભાજપને સતાનું સુકાન આપ્યુ હતુ.

સીડીએમઓ માર્કેટ ૨૦૨૮ સુધીમાં ૨૦ અબજ ડોલરનું થવાનો અંદાજ

# ભારતનું ફાર્મા CDMO માર્કેટ ૨૦૨૮ સુધીમાં ડબલ થઈ જશે

## ભારતીય ફાર્મા સર્વિસીઝ ચીનની કંપનીઓ કરતાં ૨૦ ટકા સસ્તી છે જેને કારણે તે વધુ સ્પર્ધાત્મક છે

પેરિસ, તા.૧૧

દેશનું કોન્ટ્રેક્ટ ડેવલપમેન્ટ એન્ડ મેન્યુફેક્ચરિંગ ઓર્ગેનાઈઝેશન (CDMO) માર્કેટ જબરદસ્ત વૃદ્ધિ કરી રહ્યું છે અને આગામી સમય આ સેક્ટર માટે સાનુકૂળ જણાય છે. સીડીએમઓ માર્કેટ હાલમાં 7 અબજ ડોલરથી વધીને 2028 સુધીમાં ડબલ એટલે કે 14 અબજ ડોલર થવાનો અંદાજ છે. બીસીજીના રિપોર્ટ અનુસાર વિશ્વબજારના 4-5 ટકા પર ભારતીય કંપનીઓનો કબજો હશે.એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈનગ્રેડિયન્ટ્સ (API)માં ભારતની મજબૂત સ્થિતિ અને જેનરિક દવાઓમાં પણ ભારતનું વર્ચસ્વ છે અને ચીન કરતાં ઓછા ખર્ચે દવાઓ તૈયાર થાય છે જે વધારાનો લાભ પણ છે. કેટલીક ભારતીય સીડીએમઓ કંપનીઓને 2024માં રિક્વેસ્ટ્સ ફોર પ્રપોઝલ્સ (RFPs)માં 50 ટકાનો વધારો જોવા મળ્યો છે. વૈશ્વિક ફાર્માસ્યુટિકલ કંપનીઓ ચીનમાંથી અથવા તો ચીન પ્લસ વન પોલિસી અંતર્ગત ભારતમાં સપ્લાય ચેઈન સ્થાપવા માગે છે. ભારતીય ફાર્મા સર્વિસીઝ ચીનની કંપનીઓ કરતાં 20 ટકા સસ્તી છે જેને કારણે તે વધુ સ્પર્ધાત્મક છે.બીસીજીના રિપોર્ટ અનુસાર બાયોફાર્માસ્યુટિકલ સેક્ટર ઈનોવેટિવ ડ્રગ મોડેલિટિઝ તરફ શિફ્ટ થઈ રહ્યું છે જે પરંપરાગત સ્મોલ-મોલેક્યૂલ દવાઓ કરતાં વધુ તીવ્ર ગતિથી વૃદ્ધિ કરશે.જે મોડેલિટિઝની માંગ વધવાની સંભાવના છે તેમાં સેલ અને જીન થેરપી છે જે વાર્ષિક 45 ટકા ચક્રવૃદ્ધિદરથી વધવાનો અંદાજ છે. આ ઉપરાંત એન્ટિબોડી-ડ્રગ કોન્જુગેટ્સ (ADCs) 25 ટકા વાર્ષિક ચક્રવૃદ્ધિદરે વધવાનો અંદાજ છે. ન્યૂકલીક એસિડ થેરાપેટિક્સ 36 ટકા CAGRથી વૃદ્ધિ કરશે તેવો અંદાજ છે.નવી દવાઓની મોડેલિટિઝ માટેનું સીડીએમઓ માર્કેટ 2028 સુધીમાં 20 અબજ ડોલરનું થવાનો અંદાજ છે, જેમાં એશિયાની સીડીએમઓ કંપનીઓ કાઠું કાઢશે અને વૈશ્વિક ફાર્મા કંપનીઓને મોટાપાયે અને ઓછા ખર્ચે સોલ્યૂશન્સ પ્રોવાઈડ કરશે.એશિયા-પેસિફિક (APAC) હેલ્થકેર સેક્ટર ઝડપથી બદલાઈ રહ્યું છે અને આ સેક્ટરમાં 2008થી અત્યાર સુધીમાં સીધું વિદેશી રોકાણ (એફડીઆઈ) પણ ડબલ થયું છે. APAC હેલ્થકેર માર્કેટ 2030 સુધીમાં 5 લાખ કરોડ ડોલરને આંબશે અને વૈશ્વિક બજારમાં 40 ટકા યોગદાન તેનું હશે. લોકોની આવક વધી રહી છે જેને કારણે તેઓ હેલ્થકેર ક્ષેત્રે વધુ ખર્ચ કરશે. એશિયામાં હાઈ ઈન્કમ હાઉસહોલ્ડ (જેમની વાર્ષિક આવક 30,000 ડોલર કે તેથી વધુ છે)ની સંખ્યા વર્ષ 2000માં 3.4 કરોડ ડોલર હતી, જે 2030 સુધીમાં પાંચ ગણી વધીને 17.5 કરોડ થવાનો અંદાજ છે.ભારત અને અમેરિકા વચ્ચેનો વ્યાપાર 2022થી 2033 વચ્ચે 102 અબજ ડોલર વધવાનો અંદાજ છે. અમેરિકા અને ચીન વચ્ચેનો વ્યાપાર આ ગાળામાં ઘટશે.ભારત અને APAC દેશોમાં પાંચ વર્ષમાં ફાર્માસ્યુટિકલ બિઝનેસ 9 ટકાના વાર્ષિક ચક્રવૃદ્ધિદર (CAGR)થી વધશે તેવો અંદાજ છે. મેડિકલ ટેક્નોલોજી બિઝનેસ 8 ટકાના CAGRથી વધવાનો અંદાજ છે. ડિજિટલ હેલ્થમાં પણ 9 ટકાના ચક્રવૃદ્ધિદરે વધારો થવાનો અંદાજ છે.


**અમારા કહ્યામાં નથી**
**તેમની સાથે કોઈપણ વ્યવહાર કરવો નહી**

આથી હું નિચે સહી કરનાર હંસરાજભાઈ ઠાકરશીભાઈ આગોલા (ઉ.વ.૭૦) રહે. નાની કુંકાવાવ, ઠે.રામજીમંદિર, વેકરીયા શેરી, તા.કુંકાવાવ મોટી,જી.અમરેલી

આ જાહેર નોટિસથી જાણ કરીએ છીએ કે, બાજુના ફોટાવાળા **મુકેશભાઈ હંસરાજભાઈ આગોલા** મારો પુત્ર થાય છે અને દયાબેન મુકેશભાઈ આગોલા જે મારા પુત્રવધુ થાય છે, જે અમારા કહ્યામાં નથી અને ઘરેથી આશરે ૧૫ વર્ષથી ઘરથી અલગ રહે છે. તેથી તેની સાથે કોઈપણ નાણાકીય વ્યવહાર કે કોઈ પ્રકારની લેતી-દેતી બાબતે અમો જવાબદાર નથી. સદરહું અમોએ અમારી તમામ સ્થાવર જંગમ મિલકતોમાંથી, અમારા પુત્ર **મુકેશભાઈ હંસરાજભાઈ આગોલા** (પુત્ર) તથા દયાબેન મુકેશભાઈ આગોલા (પુત્રવધુ) ને બેદખલ કરેલ છે. તેથી અમારા કુંટુંબીજનો નામે કોઈપણ વ્યક્તિ કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો કે કરાવવો નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી તેથી અમારા વતી તેની સાથે કોઈ વ્યવહાર અમોને બંધનકર્તા રહેશે નહી.



અમારા મારફત
**યોગેશ ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)
શારદા શોપીંગ સેન્ટરલ દુ.નં.૪૭,
તા.કુંકાવાવ મોટી,જી.અમરેલી
અમરેલી : ૩૬૫ ૪૫૦

સહી
**હંસરાજભાઈ ઠાકરશીભાઈ આગોલા**
મુ. નાની કુંકાવાવ
તા.કુંકાવાવ મોટી, જી.અમરેલી
**મો.6353012246**


''તેરા તુજકો અર્પણ'' અંતર્ગત

# અમરેલીમાં કેબલ ગુમ થયા બાદ મૂળ માલીકને પરત કરવામાં આવ્યા

## પોલીસે નદીમાંથી કેબલ કબ્જે કરેલ

અમરેલી, તા. ૧૧

અમરેલીના લીલીયા રોડ ઉપર સ્ટ્રીટ લાઈટ શિફટીંગ દરમ્યાન રાત્રીના સમયે ખુલ્લા પડેલા કેબલ વાયર ગુમ થયેલ જે અંગે ટેકનિકલ સોર્સ તથા હ્યુમન સોર્સની મદદથી ૩૦૦ મીટર કેબલ વાયર કિંમત રૂપિયા ૩૫,૦૦૦નો શોધી કાઢી ''તેરા તુઝકો અર્પણ'' કાર્યક્રમ અંતર્ગત અરજદારને અમરેલી સીટી પોલીસ ટીમ દ્વારા પરત અપાવેલ હતો.

આ બનાવમાં અમરેલી લીલીયા રોડ ફાટકથી અમરેલી લીલીયા રોડ સર્કલ સુધી સ્ટ્રીટ લાઈટ શીફટીંગની કામગીરી ચાલુ હોય, તે દરમ્યાન તા. ૭/૨/૨૫ની રાત્રી દરમ્યાન સ્ટ્રીટ લાઈટનો કેબલ વાયર આશરે ૩૦૦ મીટર જેટલો કિંમત રૂપિયા ૩૫,૦૦૦નો ગુમ થયેલ હોય, ગુમ થયેલ કેબલ વાયર રોકડીયાપરામાં પાછળના ભાગે




નદીમાંથી કેબલ વાયર તથા તમામ મુદામાલ શોધી કાઢી અરજદારને પરત આપેલ છે.

અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર ડી.કે.વાઘેલાની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમના રમેશભાઈ નશાભાઈ માલકીયા, ચિંતન કુમાર કનૈયાલાલ મારૂ, વનરાજભાઈ વલકુભાઈ માંજરીયા દ્વારા ''તેરા તુઝકો અર્પણ'' કાર્યક્રમ લક્ષી કામગીરી કરવામાં આવેલ છે.

# બગસરા ખાતે બિરાજમાન જૈન સંતના આશીર્વાદ મેળવતા કૌશિક વેકરિયા



બગસરા ખાતે બિરાજમાન જૈન સંઘ પ.પૂ. આચાર્ય ભગવંત વિજય રત્નચંદ્રસુરીશ્વરજી મહારાજ તથા પ.પ. આચાર્ય ભાગંત વિજય ઉદપરતીસુરીશ્વરજી મહારાજનાં દર્શન કરી નાયબ દંડક કૌશિક વેકરિયા અને અનીલ વેકરીયાએ ધન્યતા અનુભવી હતી.

### પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં કેસ ચાલી જતાં

## અમરેલીનાં માર્કેટયાર્ડમાં અકસ્માતે મોતને ભેટેલનાં પત્નીને વળતર ચુકવવા આદેશ

### એડવોકેટ એમ.જે. સૈયદની દલીલો સફળ રહી

અમરેલી, તા. ૧૧

દિપાલીબેન સંજયભાઈ ભાડના પતિ સંજયભાઈ રમેશભાઈ ભાડ તા. ૨૬/૧૦/૨૦ના રોજ અમરેલી માર્કેટયાર્ડમાં ટેમ્પોમાં માલ ભરવા આવેલ ત્યારે આયસર ટ્રક નં.જીજે ૯વી૬૭૫૪૧થી અકસ્માત થતા મૃત્યુ નીપજેલ હતુ જેનું વળતર મળવા મરનારના પત્ની દિપાલીબેન વિ.એ અમરેલી ટ્રીબ્યુનલમાં કલેઈમ કરેલ હતો જે ચાલી જતા અમરેલીના મોટર એકસીડેન્ટ કલેઈમ્સ–વ–પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ કોર્ટમાં ચાલી જતા કોર્ટ દ્વારા બજાજ એલીયાન્ઝ વિમા કંપનીને વ્યાજ ખર્ચ સહિત કુલ રૂા. ૨૭,૬૭,૦૦૦નું વળતર ચુકવવા હુકમ થયેલ છે.



આ કામે વિમા કંપનીએ અકસ્માત પબ્લીક પ્લેસમાં બન્યો નથી, પરમીટ નથી, મરનારે મોટર સાયકલ ચલાવતી વખતે હેલ્મેટ પહેરેલ ન હતી જેથી મરનારની અકસ્માતમાં બેદરકારી હતી તેવી તકરારો કરેલ હતી. અરજદારના વકીલ તરીકે એમ.જે. સૈયદેન સુપ્રિમ કોર્ટ, અને ગુજરાત હાઈકોર્ટના જુદા જુદા જજમેન્ટો બતાવી, ધારદાર દલીલો કરી વિમા કંપની વળતર ચુકવવા જવાબદાર છે તેવી રજુઆતો કરેલ હતી.

અરજદારો તર્ફે અમરેલીના જાણીતા સીનીયર એડવોકેટ એમ.જે. સૈયદ રોકાયેલા હતા.

## ચલાલા : ગાયત્રી સંસ્કાર ધામનાં વડા પૂ. રતિદાદાએ મહાકૂંભનો લાભ લીધો



ચલાલા, તા. ૧૧

ચલાલા ગાયત્રી સંસ્કાર ધામના વડા પુ.ડો.રતિદાદા, મંજુબા, ડો. ઈશાબેન વજુદાદા, રંજનબા, હેતુલભાઈ તેમજ યુગાન્ડાથી પરેશભાઈ મહેતા (રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા), અંકિતાબેન, નૃપાલીબેન તથા કંપાલાથી આવેલી ટીમ તેમજ ભારતભૂષણ મહેશભાઈ મહેતા, શીતલબેન મહેતા, રેખાબેન, ભાવેશકુમાર તથા ચંદ્રમૌલિ જોશી તેમજ ઋત્વિજભાઈએ પ્રયાગ રાજ ખાતે મહાકુંભ મેળાનો લાભ લીધો હતો.

પાના ૮ ઉપરનું ચાલું

### ડો. આંબેડકર ભવનને

સમાજલક્ષી વિવિધ કાર્યક્રમો કરી શકાય, તેવા હેતુથી સરકાર દ્વારા લાખો રૂપિયાના ખર્ચે અમરેલી શહેરની મધ્યમાં, રાજમહેલ કમ્પાઉન્ડમાં સરકારની યોજનામાંથી ડો. આંબેડકર ભવનનું નિર્માણ કરવામાં આવેલું છે. પરંતુ છેલ્લા કેટલાય વર્ષ ચાલી રહેલા રીનોવેશનની કામગીરી પૂર્ણ કરી આ ભવન જે હેતુ માટે બનાવવામાં આવ્યુ છે તે માટે કાર્યરત કરવામાં આવે તે અંગે વારંવાર અમરેલી કલેકટરશ્રીને કરવામાં આવી હતી. પરંતુ કલેકટરને પણ આ ભવન અનુ. જાતીના લોકોને ઉપયોગમાં આવે તે માટે રસ ના હોય તેમ આ બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. વારંવાર રજુઆત કરવા છતા આ ભવન ચાલતી રીનોવેશનની કામગીરી વહેલી તકે પૂર્ણ ના કરવાના કારણે છેલ્લા કેટલાય વર્ષોથી આ ડો. આંબેડકર ભવન બંધ હાલતમાં હોવાથી તેનો ઉપયોગ સમાજલક્ષી કાર્યક્રમો થવાના બદલે અસામાજીક પ્રવૃતિ માટે થતો હોય તેવું લાગી રહયુ છે. આ ભવનમાં વિભાગ દ્વારા સોફા, ખુરશી, ટેબલ તેમજ અન્ય સામગ્રી વસાવવામાં આવી છે જે પણ ઘણા સમયથી ધુળ ખાઈ રહી છે. સરકાર દ્વારા લાખો રૂપિયા ખર્ચી આપવામાં આવેલ સુવિધા હાલ ઉપયોગમાં લઈ શકાતી ના હોવાથી અનુ.જાતિ સમાજને લગતા કાર્યક્રમો કરવા માટે અન્ય જગ્યાએ સ્થળ ગોતવાની ફરજ પડે છે.

વારંવાર રજુઆત કરવા છતા આ બાબતે કલેકટર તેમજ તંત્ર દ્વારા ધ્યાન અપાતું ના હોવાના કારણે અને દિન–૧૦ માં જો આ આંબેડકર ભવન કાર્યરત કરવામાં નહી આવે તો સામાજીક આગેવાન શરદ મકવાણા દ્વારા ધરણા કરવામાં આવશે જે બાબતે પત્ર લખી કલેકટરને જાણ કરવામાં આવી છે.

પાના ૧ ઉપરનું ચાલું

### આરોપીને ૩ વર્ષની સજા

ભરીને સાવરકુંડલા બાયપાસ ચોકડી ઉપરથી પસાર થવાની જે બાતમીના આધારેઅમરેલીતાલુકાપોલીસસ્ટેશનના હેડ કોસ્ટેબલ મનીષભાઈ જોષી વોચમાં ઉભાહોયઅનેઆરોપીફોરવ્હીલગાડી લઈને નીકળેલ હોય. જે ગાડી ઊભી રખાવવાનું કહેતા આરોપીએ ફોરવ્હીલ ઉભી રાખેલ ન હોય અને પુરપાડ ઝડપે નાસી ગયેલ હોય. જેથી પોલીસે તેમનો પીછોકરીગુજકોમાસોલમીલપાસેપકડી પાડેલહતાઅનેફોરવ્હીલમાંતપાસકરતા ગાડીમાંથી ૨૪૦ કિલો ગૌમાંસ મળી આવેલહોય. આઅંગેનોકેસઅમરેલીના બીજાએડી. જયુડી. મેજી. ડી.બી. ગઢવીની કોર્ટમાં ચાલી જતા સ્પે. પી.પી. ચંદ્રેશ મહેતાની દલીલોના આધારે કોર્ટે આરોપીને ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમની કલમ–૫(૧)(ક) માં ૩ વર્ષની સજા તથા ૫ હજાર દંડ તથા કલમ ૬(ખ) મા ૨ વર્ષની કેદ તથાં આઈ.પી.સી.ની કલમ ૨૭૯ માં ૧ માસની સજાનો હુકમ કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

### અમરેલી જિલ્લામાં થતી ખનિજ ચોરી

રાહબરી હેઠળ એસ.ઓ.જી. ટીમ બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાંહોય. તેદરમિયાનચોક્કસ મળેલ બાતમી અને હકિકતના આધારે એસ.ઓ.જી. ટીમે બાબરા તાલુકાના નીલવડા વિસ્તાર ખાતે આવેલ મેલડી માતા તળાવમાંથી લીઝ, રોયલ્ટી કે પાસ પરમીટ વગર ટ્રેકટરમાં સાદી માટી ચોરી કરતા ટ્રોલી સાથે ટ્રેકટર નંગ ૪ તથા લોડર નંગ ૧ મળી કુલ કિંમત રૂપિયા ૭૦ લાખનો મુદ્દામાલ સાથે ગેરકાયદેસર રીતે અને પાસ પરમીટ વગર ગેરકાયદેસર રીતે ચોરી કરતા હોય. જે અનુસંધાને બાબરા ગામે રહેતા અંકીતભાઈ કેશુભાઈ વરસડા, અંકીતભાઈ જીણાભાઈ ડાભી, રાહુલભાઈ જેરામભાઈ પખવાડીયા, વિપુલભાઈ ચંદુભાઈ ઝીંઝુવાડીયા, જયરાજભાઈ મનસુખભાઈ ડાભી સહિતના અલગ અલગ પાંચ ઈસમોને સાદી માટી ભરેલ ચાર ટ્રેકટર તેમજ એક લોડર સાથે માટી ચોરી કરતા પકડી પાડવામાં સફળતા મળેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

### અમરેલીનાં પીઠવાજાળ ગામે રહેતી

૨૩૩૧૩ નાએ ગત તા. ૨૬/૧૨/૨૪ રોજ ફોન કરી એસ.બી.આઈ. ગ્રામ્ય બેંકમાં સેવિંગ એકાઉન્ટમાં તેણીના પિતાના કહેવાથી રૂપિયા ૧૨૦૦૦ ટ્રાન્સફર કરેલ હોવાની ખોટી હકિકત જણાવી અને તે પછી પરિણીતાના મોબાઈલ નંબર પર બેંક દ્વારા કરવામાં આવેતેવાજ રૂપિયા ક્રેડીટ થયાના રૂપિયા ૨૦,૦૦૦ તથા રૂપિયા ૧૦,૦૦૦ તથા રૂપિયા ૨૫,૦૦૦ તથા રૂપિયા ૧૫,૦૦૦ અને રૂપિયા ૩૫,૦૦૦ના એમ ૫ ખોટા ટેકસ મેસેજ કરી અને બાદમાં આરોપીએ પરિણીતાના બેંક એકાઉન્ટમાં ભુલથી આ રકમ ટ્રાન્સફર કરી નાખેલ છે તેમ જણાવી પરિણીતાને વિસમાં લઈને પરિણીતા પાસે આરોપીએ જણાવેલ તથા જીતેન્દ્ર યાદવ નામના યુપીઆઇ આઈડીમાં જુદા જુદા કુલ–૧૨ ટ્રાન્જેશકશન કરાવી પરિણીતાના બેંક એકાઉન્ટમાંથી રૂપિયા ૫૬,૦૦૦ મેળવી લઈ છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું

### અમરેલી જિલ્લામાં હેલ્મેટ વગરનાં

જુદાતાલુકાવિસ્તારમાંઆવતીસરકારીકચેરીઓ બહાર પોલીસનું ડીપ્લોયમેન્ટ કરી સરકારી અધિકારી/કર્મચારીઓટુવ્હીલરચલાવતીવખતે હેલ્મેટ ફરજિયાત પહેરે તે સુનિશ્ચિત કરવા અમરેલી જિલ્લા પોલીસ પાસે એન્ફોર્સમેન્ટની કામગીરી કરાવવામાં આવેલ હતી.

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા અમરેલી શહેર તેમજ જુદા જુદા તાલુકા મથકે આવેલ સરકારી કચેરીઓ બહાર ટ્રાફિક એન્ફોર્સમેન્ટની કામગીરી કરી કુલ ૨૪ સરકારી અધિકારી/ કર્મચારીઓને હેલ્મેટ પહેર્યા વગર ટુ વ્હીલર ચલાવી સરકારી કચેરીએ આવવા બદલ દંડની કાર્યવાહી કરી કુલ રૂપિયા ૧૨,૦૦૦નો સ્થળ દંડ વસૂલ કરવામાં આવેલ છે.

**લીલીયા**

લીલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ આઈ.જે. ગીડા તેમજ પીએસઆઈ વાય.એમ. જાડેજાની સૂચના અને માર્ગદર્શન હેઠળ લીલીયા પોલીસ સ્ટાફ દ્વારા લીલીયા મોટા ખાતે આવેલ જુદી જુદી સરકારી કચેરીઓમાં ડ્રાઈવ યોજવામાં આવેલ. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૧૦૨ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૦૦૪ | ૧૦૯૬ |
| ૩ | શિંગ મોટી | ૮૫૦ | ૧૧૩૧ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૯૬ | ૧૩૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૩૭૫ | ૨૨૩૫ |
| ૬ | તલ કાળા | ૨૩૭૫ | ૫૦૦૧ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૫૪૦ | ૨૫૪૦ |
| ૮ | બાજરો | ૪૩૦ | ૫૫૦ |
| ૯ | જુવાર | ૫૧૦ | ૧૨૦૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૩૮ | ૬૯૪ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૪૮ | ૬૩૭ |
| ૧૨ | મકાઈ | ૬૧૫ | ૭૪૦ |
| ૧૩ | અડદ | ૮૧૦ | ૧૪૫૭ |
| ૧૪ | ચણા | ૯૨૩ | ૧૨૦૮ |
| ૧૫ | તુવેર | ૮૫૦ | ૧૪૮૮ |
| ૧૬ | વાલ | ૧૧૩૧ | ૧૧૩૧ |
| ૧૭ | કપાસ | ૯૭૦ | ૧૪૬૭ |
| ૧૮ | એરંડા | ૧૧૨૦ | ૧૨૦૩ |
| ૧૯ | જીરૂ | ૨૫૭૦ | ૩૬૬૦ |
| ૨૦ | રાયડો | ૮૨૫ | ૮૫૦ |
| ૨૧ | ધાણા | ૧૦૦૫ | ૧૪૭૦ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૨૫ | ૧૩૯૫ |
| ૨ | મગફળી | ૯૫૬ | ૧૧૨૫ |
| ૩ | ઘઉં | ૫૫૧ | ૬૦૫ |
| ૪ | સફેદ તુવેર | ૧૧૯૬ | ૧૩૬૬ |
| ૫ | લાલ તુવેર | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ૬ | અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૬૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૩૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૮૦ | ૬૩૬ |
| ૪ | ચણા | ૯૫૦ | ૧૦૮૦ |
| ૫ | સોયાબીન | ૫૦૦ | ૭૭૦ |
| ૬ | ધાણા | ૧૨૫૦ | ૧૩૦૦ |
| ૭ | શીંગદાણા | ૯૫૦ | ૧૧૫૦ |
| ૮ | મગફળી | ૫૦૦ | ૧૦૦૦ |
| ૯ | તુવેર | ૧૦૦૦ | ૧૩૯૦ |
| ૧૦ | અડદ | ૧૦૦૦ | ૧૧૦૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | ૧૦૩૫ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૭૦ |
| ૩ | તલ સફેદ | ૧૯૪૨ | ૨૧૧૭ |
| ૪ | તલ કાળા | ૨૭૦૦ | ૪૧૫૧ |
| ૫ | જીરૂ | ૩૩૦૦ | ૩૭૦૦ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૪૭૦ |
| ૭ | ઘઉં લોકવન | ૬૫૦ | ૭૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૭૨ |
| ૯ | બાજરો | ૫૦૦ | ૬૫૦ |
| ૧૦ | જુવાર | ૫૦૦ | ૬૦૦ |
| ૧૧ | અડદ | ૭૮૬ | ૧૪૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | દેશી ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૪ | તુવેર | ૧૩૦૦ | ૧૫૧૨ |
| ૧૫ | તુવેર લાલ | ૧૨૫૦ | ૧૩૫૦ |
| ૧૬ | એરંડી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | ધાણા | ૧૪૦૦ | ૧૭૦૨ |
| ૧૮ | સોયાબીન | ૬૦૦ | ૭૭૦ |


**સંકુલ PHC મેડીકલ – ડોક્ટર જોઈએ છે.**

★ MBBS / BAMS / BHMS લાયકાત ધરાવનાર અનુભવી ડોક્ટર એ અેપ્લાય થવું

★ વીઝીટીંગ સમય સવારે ૯ થી ૧૦ – રાત્રે ૯ થી ૧૦ અપેક્ષીત સેલરી જણાવવી

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ – ચક્કરગઢ રોડ અમરેલી - Ad 112


### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૯૯ | ૧૪૪૮ |

### જાહેર નોટિસ

**અમરેલીના મહેરબાન પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મું.અમરેલી.**

દિ.પ.અ.નંબર –૦૧/૨૦૨૫
મુ. તા. : ૦૧/૦૩/૨૦૨૫

અરજદાર :– રોહિણીબેન હર્ષદભાઈ ચંદારાણા
રહે. આવકાર સોસાયટી, એરપોર્ટ પાસે, ચિતલ રોડ, અમરેલી.

// વિરૂધ્ધ //

સામાવાળા :– ૦૦૦–૦૦૦–૦૦૦–

**અરજદારના વકીલ – શ્રી કે.બી.પંડયા**

આથી આ જાહેર નોટિસથી સૌ કોઈ લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે કે, આ કામનાં અરજદાર રોહિણીબેન હર્ષદભાઈ ચંદારાણા ઉ.વ.–૭૬ રહે. આવકાર સોસાયટી, એરપોર્ટ પાસે, ચિતલ રોડ, અમરેલી ખાતે રહે છે. તેણે અમરેલી મુકામે આવેલ મકાન "અનન્ય" ચિતલ રોડની સર્વે નં.૩૬/૧ ની જમીનના પ્લોટ નં.૧ આવકાર સોસાયટીમાં મકાન જેનો મ્યુનિ.નં.૩/૨૦૭૬ તથા ગુજ. હર્ષદભાઈ નાથાલાલ ચંદારાણાનાં નામે અમરેલી આર.ટી.ઓ.માં નોધાયેલ મારૂતી સુઝુકી કંપનીની વેગનઆર કાર જેના રજી.નં. જીજે.–૧૪–એએ–૪૭૪૮ મિલ્કત ગુજ. હર્ષદરાય નાથાલાલ ચંદારાણાએ તા.૦૧/૦૭/૨૦ ના રોજ સાક્ષીઓની હાજરીમાં તેમની હયાતીમાં અમો અરજદારની તરફેણમાં કરી આપેલ વીલ મુજબ અરજદારનાં નામે જે મિલકત / વાહન ટ્રાન્સફર કરી આપવા જણાવેલ છે.

આમ, વીલ યાને વસીયતનામાના આધારે દર્શાવેલી મિલ્કત / વાહન ટ્રાન્સફર, વિગેરેમાં અમો અરજદારના નામજોગ કરવા અંગેની કાર્યવાહી કરવા માટે અમારે વીલ યાને વસીયતનામાનું પ્રોબેટ મેળવવાની જરૂરીયાત પડતા ભારતીય વારસાધારાની કલમ–૨૭૬ અન્વયે વીલનું પ્રોબેટ મેળવવા અરજદારે અરજી કરેલ છે.

જેની સામે જે કોઈને વાંધો કે તકરાર હોય તો તેણે અત્રેની અદાલત (રૂમ નં.૨૦૮) માં મુદત તારીખ – ૦૧/૦૩/૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૪૫ કલાકે અચુક હાજર રહેવું. તેમ કરવામાં કસુર થયે સદર કામે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦ માહે – ફેબ્રુઆરી, સને ૨૦૨૫નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

| તૈયાર કરનાર | સિક્કો | મુકાબલ કરનાર | હુકમથી, |
|---|---|---|---|
| (પી.એસ.જેઠવા) | | (એ. એમ. વ્યાસ ) | (રજિસ્ટ્રાર) |
| હેડ કલાર્ક. | | સુપ્રિન્ટેન્ડેન્ટ. | પ્રિન્સીપાલ સિનીયર સીવીલ કોર્ટ અમરેલી |

### CHANGE OF NAME

I,Dhandhukiya Baliben dhanajibhai alias Dhandhukiya Baliben dhanjibhai D/o. Dhandhukiya Dhanjibhai R/o.73, Nadi Kathe, Valardi Road, Chamardi, Po.Chamaradi, Dist : Amreli, Gujarat-365410, have Changed my name to Dhandhukiya Kritika Dhanajibhai for all future Purposes.

### જાહેર નોટિસ

**મોજે.–શીલાણા, ગામ, તાલુકો–કુંકાવાવ/વડીયા, જિલ્લો–અમરેલી**

અમો યોગેશભાઈ ડી. દવે ( એડવોકેટ એન્ડ નોટરી ) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

| ગામનું નામ | ખાતા નંબર | રેવન્યુ સર્વે નંબર | હે.આરે. ચો.મી. | આકાર રૂા. | ખાતેદારનું નામ |
|---|---|---|---|---|---|
| શીલાણા તા.બગસરા જિ.અમરેલી | 320 | 66/2p2 | 2-49-9 | 14.00 | મનસુખભાઈ પુનાભાઈ ખેતાણી |

**ઉપરોકત કોલમ વાળી ખેતીની જમીન અલગ–અલગ સંયુકત અને** સ્વતંત્ર નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરોલીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ – નીપજ, / ખેતી / ગણોત, લીઝ લાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનાં કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનાં હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો – તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૮ (આઠ)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેનાં સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈનાં કોઈ જ હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગ – ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (વેઈવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૧૦/૦૨/૨૦૨૫**
**સ્થળ : બગસરા**
**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ. કુંકાવાવ મોટી, તા. વડીયા, જિ.અમરેલી.**
**મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**તે અમારા અસીલની સુચનાથી**

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૧૫ | ૧૫૧૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૮૦ | ૧૪૦૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૪૮ | ૧૦૬૨ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૯૫ | ૧૦૪૫ |
| ૫ | ઘઉં | ૫૦૫ | ૬૭૫ |
| ૬ | ચણા | ૧૦૯૭ | ૧૧૪૩ |
| ૭ | તુવેર | ૧૨૩૦ | ૧૩૮૦ |
| ૮ | જીરૂ | ૩૬૬૦ | ૩૭૩૦ |
| ૮ | સોયાબીન | ૭૪૬ | ૭૬૪ |

### જાહેર નોટિસ

**મોજે.–શીલાણા, ગામ, તાલુકો–કુંકાવાવ/વડીયા, જિલ્લો–અમરેલી**

અમો યોગેશભાઈ ડી. દવે ( એડવોકેટ એન્ડ નોટરી ) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

| ગામનું નામ | ખાતા નંબર | રેવન્યુ સર્વે નંબર | હે.આરે. ચો.મી. | આકાર રૂા. | ખાતેદારનું નામ |
|---|---|---|---|---|---|
| શીલાણા તા.બગસરા જિ.અમરેલી | 73 | 66/1/p1 | 1-09-67 | 6.18 | અંબાબેન રવજીભાઈ સભાયા<br>વિમળાબેન રવજીભાઈ સભાયા<br>કમળાબેન રવજીભાઈ સભાયા<br>કિશોરભાઈ રવજીભાઈ સભાયા<br>શારદાબેન રવજીભાઈ સભાયા |
| | 446 | 66/1/p2 | 1-09-67 | 6.18 | શાંતાબેન જેરામભાઈ સભાયા<br>હસમુખભાઈ જેરામભાઈ સભાયા<br>મંજુલાબેન જેરામભાઈ સભાયા<br>જયંતીભાઈ જેરામભાઈ સભાયા<br>ભાવનાબેન જેરામભાઈ સભાયા |
| | 447 | 66/1/p3 | 1-09-67 | 6.18 | ચંપાબેન ધીરૂભાઈ સભાયા<br>નીમીષાબેન ધીરૂભાઈ સભાયા<br>હિનાબેન ધીરૂભાઈ સભાયા<br>અમિષ ધીરૂભાઈ સભાયા |
| | 448 | 66/1/p4 | 1-09-67 | 6.18 | મનસુખલાલ વિરજીભાઈ સભાયા |
| | 449 | 66/1/p5 | 1-09-67 | 6.18 | નનુભાઈ વિરજીભાઈ સભાયા |


**ઉપરોકત કોલમ વાળી ખેતીની જમીન અલગ–અલગ સંયુકત અને** સ્વતંત્ર નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરોલીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ – નીપજ, / ખેતી / ગણોત, લીઝ લાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનાં કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનાં હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો – તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૮ (આઠ)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેનાં સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈનાં કોઈ જ હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગ – ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (વેઈવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.


**તારીખ : ૧૦/૦૨/૨૦૨૫**
**સ્થળ : બગસરા**
**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ. કુંકાવાવ મોટી, તા. વડીયા, જિ. અમરેલી.**
**મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**તે અમારા અસીલની સુચનાથી**

## જે પ્રકારે ફોટોસેશન થઈ રહ્યું છે તે જોતા પ્રશ્ન ઉપસ્થિત થયા વિના રહેતો નથી

# મહાકુંભમાં પૂણ્ય કમાવવા જવાનું કે પ્રસિધ્ધિ મેળવવા ?

**જમણા હાથે દાન કરો તો ડાબા હાથને પણ ખબર ન પડવી જોઈએ તેવું પુણ્ય કરવાનું શાસ્ત્ર કહે છે**

**અમુક તમાશેબાજ ૨૦૦-૫૦૦ રૂપિયાનું દાન કરીને મફતમાં લાખો રૂપિયાની પ્રતિષ્ઠા મેળવવાનો કરે છે પ્રયાસ**

**મહાકુંભએ માર્કેટીંગનું માધ્યમ બની ગયું હોય તેમ અમુક વ્યકિતઓ પહોંચી રહ્યા છે**

**જે વ્યકિતએ ક્યારે ભગવાન શ્રીકૃષ્ણએ આપેલ ગીતા સંદેશનો અધ્યાય કર્યો નથી તે ધાર્મિક હોવોનો કરે છે ઢોંગ**

અમરેલી,તા.૧૧

દેશનાં સૌથી મોટા રાજય ઉતરપ્રદેશનાપ્રયાગરાજમાંદર૧૨વર્ષે યોજાતોમહાકુંભશરૂહોયજેમાંદરરોજ લાખોશ્રધ્ધાળુઓપહોંચીનેગંગા,યમુના અને સરસ્વતીના સંગમ સ્થાને ડુબકી લાગીનેપુણ્યકમાવવાનુંકાર્યકરીરહયા છે. અનેહિન્દુધર્મમાંમહાકુંભમાંસ્નાન કરવાથીભુલે-ચુકેથયેલપાપનોનાશથતો હોવાનુંસૌમાનીરહયુંછે.અનેતેવાઉમદા હેતુથીદરરોજકરોડોશ્રધ્ધાળુઓત્રિવેણી સંગમઘાટઉપરડુબકીલગાવીરહયાછે.

પરંતુ,કરોડોશ્રધ્ધાળુઓની વચ્ચે અમુક પ્રતિષ્ઠાપ્રેમી ગણાતા વ્યકિતઓપણપહોંચીગયાછે.અનેડુબકી લગાવતાવિડીયોઅનેફોટાવાયરલકરી રહયાં છે. તો અમુક વ્યકિતઓ ૧૦૦-૨૦૦ રૂપિયાનું દાન કરીને ભામાશાહોવાનોઢોંગકરતાપણજોવામળ ીરહયાછે.હિન્દુશાસ્ત્રમાંજમણાહાથેદાન કરોતોડાબાહાથનેપણખબરનપડવી જોઈએ. તો જ તે દાનની નોંધ ઈશ્વરની ડાયરીમાં થતી હોય છે. પરંતુ અમુક કહેવાતાભામાશાઓને૧૦૦રૂપિયાના દાનનીપણવાહવાહીમેળવવીછે.પરંતુ, તેમને દાન કરવાની સાચી રીતરસમ કરવાની ખબર જ નથી. કારણ કે હિન્દુ શાસ્ત્રકેભગવાનશ્રીકૃષ્ણનામુખેગવાયેલ "ગીતાજી"નુંકયારેયવાંચનકર્યુનથી. એટલેતેઓદા-પુણ્યનીપબ્લીસીટી કરીને કરોડો શ્રધ્ધાંળુઓની વચ્ચે હાસ્યાસ્પદબનીરહયાછે.

### શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતી સમાજનાં આગેવાનોએ

## અમરેલી ખાતે કર્મચારી મંડળ દ્વારા આયોજિત માર્ગદર્શન કેન્દ્રની મુલાકાત લીધી

**સેવા સંઘનાં આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૧૧

અમરેલી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજ સેવા સંઘના આગેવાનો અને કર્મચારી મંડળ દ્વારા આયોજિત માર્ગદર્શન કેન્દ્રની મુલાકાતે સમાજ ઉપપ્રમુખ મનસુખભાઈ ચૌહાણ, મંત્રી સિ.કે.ટાક, સહમંત્રી તેમજ સેવા સંઘ પ્રમુખ સુરેશભાઈ સોલંકી, ખજાનચી હિરેનભાઈ સોલંકી, ટ્રસ્ટી જયંતીભાઈ મનાણી, ટ્રસ્ટી મનુભાઈ ટાંક તેમજ સેવા સંઘના ઉપપ્રમુખ કિશોરભાઈ આ જગ્યા ખજાનચી ચેતનભાઈ ચૌહાણ, મંત્રી મુકેશભાઈ મંડોરા, અલ્પેશભાઈ આ જગ્યા કિશોરભાઈ મારૂ તેમજ સાગરભાઈ ગેડીયા, પંકજભાઈ મારૂ, ગોપાલભાઈ વનરા તેમજ સેવા સંઘના ઘણાબધા કાર્યકર્તાભાઈઓ આ શુભેચ્છા મુલાકાતે ઉપસ્થિત રહ્યા ત્યારે કર્મચારી મંડળ સુરેશભાઈ ટાંક, રજનીભાઈ ચૌહાણ, સી.પી.ટાક તેમજ અમૃતભાઈ ટાંક દ્વારા આ સરસ મજાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું છે જે કાયમી ધોરણે સમાજની વાડીમાં આ ઓફિસ ખુલ્લી મુકવામાં આવેલી છે જેમાં કર્મચારી મંડળના પ્રમુખ સી.કે.ટાકના માર્ગદર્શન નીચે અને ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજના નેતૃત્વમાં આ સરસ મજાનું આયોજન કરવામાં આવેલું છે તેમને સમસ્ત ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજ દ્વારા આવકારવામાં આવેલ છે તેમજ આજરોજ વિકર્મા જયંતી નિમિત્તે પુરા શહેરની અંદર કારીગર મંડળ દ્વારા સરસ મજાનું શોભાયાત્રાનું આયોજન અને ત્યારબાદ રાત્રિના સમસ્ત સમાજનું ભોજનપ્રસાદનું પણ આયોજન કરવામાં આવેલું આ કાર્યક્રમમાં વિકર્મા કારીગર મંડળ સાથે સમાજના દરેક મંડળો અને સમસ્ત સમાજ જોડાયેલો.

## સાવરકુંડલા : મહિલા આર્ટસ કોલેજમાં સ્પોર્ટ્સ ડે ઉજવાયો





સાવરકુંડલા, તા. ૧૧

નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી. ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ સાવરકુંડલામાં તારીખ ૮/૨/૨૫ના રોજ પ્રિન્સિપાલ ચાવડાના માર્ગદર્શન હેઠળ સ્પોર્ટ ડે ઉજવાયો હતો. જેની અંતર્ગત એથલેટિકસની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં બહોળી સંખ્યામાં કોલેજની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. દોડ વિભાગમાં ૧૦૦ મી. દોડમાં પારગી વીણા પ્રથમ, ઢોલા હિરલ દ્વિતીય અને સીસારા મોનિકા તૃતીય ક્રમે રહ્યા હતા. ૨૦૦ મી. દોડમાં ઢોલા હિરલ પ્રથમ, પારગી વીણા દ્વિતિય અને સીસારા મોનિકા ત્રીજા ક્રમે રહ્યા હતા .૪૦૦ મીટર દોડમાં શેખ રૂકસાના પ્રથમ, હડીયા હીના દ્વિતીય અને બોદર નથુ તૃતીય ક્રમે રહ્યા હતા. ૮૦૦ મી. દોડમાં વાઘેલા હેતલ પ્રથમ, બોરડ નથુ દ્વિતીય અને કારેટ કિંજલ તૃતીય સ્થાને રહ્યા હતા. ફેંક વિભાગમાં ચક્ર ફેંકમાં બોદર નથુ પ્રથમ, દેવમુરારી હિરલ દ્વિતીય અને વાઘેલા હેતલ તૃતીય ક્રમે રહ્યા હતા. બરછી ફેંકમાં પારગી વીણા પ્રથમ, સીસારા મોનિકા દ્વિતીય અને વાઘેલા હેતલ તૃતીય ક્રમે રહ્યા હતા. ગોળા ફેંકમા બોદર નથુ પ્રથમ, રામાણી હેમાલી દ્વિતીય અને પારગી વીણા તૃતીય ક્રમે રહ્યા હતા. કૂદ વિભાગમાં લાંબી કૂદમાં ઢોલા હિરલ પ્રથમ, પારગી વીણા દ્વિતીય અને વાઘેલા હેતલ તૃતિય ક્રમે રહ્યા હતા. ઊંચી કૂદમાં શેખ રૂકસાના પ્રથમ, ઢોલા હિરલ દ્વિતીય અને વાઘેલા હેતલ તૃતીય ક્રમે રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન પ્રાધ્યાપક ડો. કે. પી. વાળાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફ પરિવારે જહેમત ઉઠાવી હતી. વિજેતા સ્પર્ધકોને પ્રિન્સિપાલ ચાવડાએ અને સ્ટાફ પરિવારે ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવી હતી.

## વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડા પવનનો અનુભવ



સાવરકુંડલા શહેરમાં આજરોજ સવારે અગિયાર વાગ્યા સુધી ઠંડા પવન સાથે વાદળછાયા વાતાવરણનો અનુભવ કર્યો. આવા વાતાવરણમાં શરદી, ઉધરસ, શ્વાસને લગતી બીમારીઓ માથું ઉંચકી શકે. આ બદલતા મોસમના મિજાજ સાથે હવે લોકોએ પર્યાવરણ ક્ષેત્રે જાગૃતિ દાખવી અને વાયુ પ્રદૂષણ, ધ્વનિ પ્રદૂષણ નિયંત્રણ કરવા માટે પણ ગહન વિચાર કરવો પડશે. આવી ઋતુમાં સ્વસ્થ માણસો પણ બીમારની ઝપેટમાં આવી શકે છે.

### ખેલ મહાકુંભ અંતર્ગત સૌરાષ્ટ્ર ઝોન માટે

## અમરેલીમાં આવતી કાલથી બહેનો માટેની હોકી સ્પર્ધાનો થશે પ્રારંભ

**નાગરિકોને ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા પધારવા અનુરોધ**

અમરેલી,તા.૧૧


ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત મહિલા હોકી સ્પર્ધાઓ અમરેલી ખાતે યોજાશે.

ઓપનએઈજ, અંડર-૧૭ અને અંડર-૧૪ વિવિધ વયમર્યાદાઓમાં આવતી સૌરાષ્ટ્ર ઝોનની મહિલા હોકી ખેલાડીઓની હોકી સ્પર્ધા ફેબ્રુઆરી ૨૫ની તા.૧૩ થી તા.૧૫ દરમિયાન યોજાશે.

અમરેલી ચિત્તલ રોડ સ્થિત સરદાર પટેલ રમત સંકુલ (ગોળ દવાખાનાની બાજુમાં) ખાતે યોજાનાર આંતર જિલ્લા (ઈન્ટર ડિસ્ટ્રીક) હોકી સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા અને તેમનો ઉત્સાહ વધારવા માટે અમરેલી જિલ્લાના તમામ નાગરિકોને ઉપસ્થિત રહેવા માટે તંત્ર દ્વારા આમંત્રિત કરવામાં આવ્યાં છે.

રાજય સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળની સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત ઝોન કક્ષાએ (ઈન્ટર ડિસ્ટ્રિક્ટ) ઓલમ્પિક રમતો (ફૂટબોલ, હેન્ડબોલ, હોકી, વોલીબોલ) અને નોન ઓલમ્પિક એટલે કે, કબડ્ડી, ખો-ખો, શૂટિંગબોલ અને રસ્સાખેંચ સ્પર્ધાઓ દરેક જિલ્લામાં તા.૮/૨/૨૦૨૫ થી તા.૨૧/૨/૨૦૨૫ દરમિયાન યોજવામાં આવી રહી છે, તેમ અમરેલી જિલ્લા રમત ગમત અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## લાઠી : લુહાર સમાજ દ્વારા વિશ્વકર્મા જયંતીની ઉજવણી



લાઠી, તા. ૧૧

લાઠી લુહાર સમાજ દ્વારા તા.૧૦/૨/૨૫નાં લાઠી ગામે વિકર્મા જયાંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ હતી. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સવારનાં દેવોના સ્થપતિ દેવ, વિકર્મા દાદાનું પુજા અર્ચના કરવામાં આવી હતી. ત્યારબાદ વિકર્મા દાદાને મહાપ્રસાદ થાળ ધરવામાં આવેલ સર્વે લુહાર ભાઈઓ દ્વારા વિકર્મા દાદાનાં સાનિધ્ય અને બ્રહમ દેવતા પાસે હાજ જોડ કરી નાડાસડીથી કાંડાબાંધનની વિધી કરાઈ હતી. વિકર્મા દાદાને સ્વયંભુ અને વિના સર્જક તરીકે માનવામાં આવે છે. તેમણે પવિત્ર શહેર દ્વારકાનું નિર્માણ કર્યુ હતું આવા લુહાર સમાજનાં ઈષ્ટદેવ મહાપ્રભુ વિકર્મા દાદાની મહાઆરતીમાં દરકે લુહારભાઈઓ જોડાયા હતા. અને બપોરે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા લાઠી લુહાર સમાજનાં દરકે ભાઈઓ અને બહેનો બહોળી સખ્યામાં હાજર રહી વિકર્મા જયાંતીની ઉજવણી કરવામાં આવેલ હતી.

## અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીનો આજે જન્મદિવસ

અમરેલી, તા. ૧૧

અમરેલી તાલુકાના નાનકડા એવા તરવડા ગામમાં જન્મેલા મનીષ ભંડેરી બાળપણથી જ અભ્યાસ ક્ષેત્રે તેજસ્વી અને નેતૃત્વના ગુણથી ભરપૂર વળી રાજકારણ તેમના લોહીમાં મળેલ, મનીષ ભંડેરીના દાદા વીરજીબાપા ભંડેરી સ્વતંત્ર સેનાની હતા તેઓને તાજી સુભાષચંદ્ર બોસની આઝાદ હિન્દ ફોજમાં રહીને ભારત દેશને આઝાદી અપાવવા માટેની સ્વતંત્ર સંગ્રામની લડાઈ લડયા હતા અને ભારત દેશની આઝાદી માટે સ્વતંત્ર સેનાની તરીકે એક વર્ષ સુધી જેલવાસ પણ ભોગવ્યો હતો, મનીષ ભંડેરીના પિતરાઈ દાદાના રાણબાપા ભંડેરી પણ અમરેલી જિલ્લાના મોટા સહકારી આગેવાન છે અને તેઓ ભૂતકાળમાં ગુજરાત કન્ઝ્યુ મર ફેડરેશનના ચેરમેન પણ રહી ચૂકયા છે તથા અમરેલી માર્કેટીંગ યાર્ડના ચેરમેન તરીકેની ફરજ બજાવી ચુકયા છે વળી નારાણબાપા ભંડેરી તો ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડોકટર જીવરાજ મહેતાથી લઈને ચીમનભાઈ પટેલ, માધવસિંહ સોલંકી, શંકરસિંહ વાઘેલા, કેશુબાપા પટેલ તથા દ્વારકાદાસ પટેલ અને મનુબાપા કોટડીયા સાથે પણ ખૂબ જ ઘરોબો ધરાવતા હતા, મનીષ ભંડેરીના પિતરાય મોટાભાઈ શિવલાલભાઈ ભંડેરી સૌરાષ્ટ્ર સ્ટોક એકસચેન્જના પ્રમુખ રહી ચૂકયા છે તથા સૌરાષ્ટ્ર પેટ્રોલ પંપ એસોસિએશનના પ્રમુખ તરીકે જવાબદારી નિભાવી ચૂકયા છે,



મનીષ ભંડેરીના પિતરાઈ મોટાભાઈ દિનેશભાઈ ભંડેરી અમરેલી જિલ્લા પંચાયતના સિંચાઈ સમિતિના ચેરમેન તરીકે ફરજ બજાવી ચૂકયા છે અને તરવડા ગ્રામ પંચાયતના સતત ૧૫ વર્ષ સુધી સરપંચ તરીકે પણ જવાબદારી નિભાવી છે, મનીષ ભંડેરીના પિતા ધીરૂભાઈ ભંડેરી અમરેલી જિલ્લા કોંગ્રેસમાં રાજીવ ગાંધી બ્રિગેડના જિલ્લા પ્રમુખ તરીકે ફરજ બજાવી ચુકયા છે તથા જિલ્લા કોંગ્રેસમાં સંગઠન મંત્રી તરીકે પણ પોતાની કામગીરી બજાવી ચૂકયા છે, આમ રાજકારણ મનીષ ભંડેરીના લોહીમાં રહેલું છે, સ્કૂલ તેમજ કોલેજ કક્ષાએ વિવિધ કાર્યક્રમમાં નેતૃત્વની પહેલ જ તેના જીવનની વિશેષતા રહેલી છે, શૈક્ષણિક ક્ષેત્રે આંકડાશાસ્ત્ર વિષયમાં બી.કોમમાં સ્નાતક તથા એમ.કોમમાં અનુસ્નાતક તથા ફાઈનાન્સ વિષયમાં એમ.બી.એ તથા એકાઉન્ટ વિષયમાં બી.એડ તથા કોમ્પ્યુટર સાયન્સમાં ડિપ્લોમાં (ડી.સી.એસ.) તથા ટેકસના કાયદામાં અનુસ્નાતક (પી.જી.ડી.ટી.એલ.પી.) કરી એક સામાન્ય શિક્ષકની સફર શરૂ કરી ડાયરેકટર અને અસામાન્ય રાજકારણ સુધીની તેમની સફરની ડર સાહસિકતાનું પ્રતીક છે, વિદ્યાર્થીઓ, વાલીઓ અને કાર્યકર્તાઓમાં લોકચાહના જ તેમના સરળ સ્વભાવનો પરિચય આપે છે, રાજકારણમાં સંગઠનથી શરૂ કરી યુવા કોંગ્રેસના મહામંત્રી તથા પૂર્વ વિરોધ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણીના વિસુ, વફાદાર અને અમરેલી તાલુકા કોંગ્રેસ સમિતિના કર્મનિષ્ઠ પ્રમુખ તરીકેની આગવી છબી ધરાવે છે તેમણે તૈયાર કરેલ અમરેલી તાલુકાના ૭૧ ગામનું સંગઠન હોય કે જિલ્લાના તમામ તાલુકાઓનું સંગઠન હોય કે પછી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા, વિધાનસભા, લોકસભાની ચૂંટણીમાં સંગઠનને મજબૂત રીતે એકસુત્રે રાખી ઉમેદવારોને વિજય બનાવવા માટેનો સખત પરિશ્રમનો શ્રેય તેમના ફાળે જાય છે, મનીષ ભંડેરી સમગ્ર અમરેલી જિલ્લામાં એક તે જાબી વકતા તરીકેની આગવી છાપ ધરાવે છે, ખેડૂતો, વેપારીઓ, ગરીબો, દલિતો, શોષિતો અને પીડિતોની સાથે રહી પ્રશ્નો સાંભળી ત્વરિત નિરાકરણ માટે કામ કરતા રહ્યા છે, તેઓ સામાજિક, રાજકીય, શૈક્ષણિક ક્ષેત્રે આગવી પ્રતિભા ધરાવે છે, આજે તેમના જન્મદિન નિમિત્તે વિદ્યાર્થીઓ, વાલીઓ, ચાહકો અને કાર્યકર્તાઓ દ્વારા તેમના મોબાઈલ નં બર ૯૮૨૫૫ ૬૧૭૭૪ ઉપર અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવાઈ રહી છે.

# અમરેલી ખાતે શ્રી ચા.મ.મોઢ બ્રાહ્મણ જ્ઞાતી મંડળ દ્વારા મોઢેશ્વરી માનો પાટોત્સવ યોજાયો









અમરેલી શ્રી ચા.મ.મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ મંડળ દ્વારા તા. ૧૦/૨/૨૫ને સોમવાર મહાસુદ ૧૩ના રોજ મોઢેશ્વરી મા નો પાટોત્સવ બાળ હનુમાનની જગ્યામાં ખુબ જ ધામધુમથી ઉજવવામાં આવેલ. સવારે ૭/૦૦ કલાકે ચંડી યજ્ઞ શાસ્ત્રી હર્ષભાઈ જાની (લાઠી વાળા)ના આચાર્ય પદે આયોજીત કરવામાં આવેલ. યજ્ઞનના યજમાનો સર્વ ચેતનભાઈ ત્રિવેદી, રાજુલભાઈ પંડયા તેમજ ચિરાગભાઈ જોષી દંપતિએ ભાગ લીધેલ. આ પ્રસંગે પ્રમુખ રાજેશભાઈ સી.પંડયા, ડો. સુરેશભાઈ એમ. પંડયા તેમજ મુકેશભાઈ જોષી (ઉના) ભોજન સમારંભના દાતા બનેલ. આ પ્રસંગે શાસ્ત્રી હર્ષભાઈ જાનીએ તેમજ મીતભાઈ જાનીએ તેલનો ડબ્બો, ઉષાબેન કાંતિલાલ જોષી (લાઠી)એ માતાજીના હવનનું ઘી, રસીલાબેન ચંદ્રકાંત પંડયાએ (ભાવનગર)ખીરના દુધની સેવા, રમેશભાઈ જે. પંડયાએ શાકભાજીની તેમજ રાહુલભાઈ રમેશભાઈ પંડયાની ડ્રાયફુટની સેવા, કિશોરભાઈ જોષી (લીલીયા)એ રસૌયાની સેવા, પાટોત્સવ પ્રસંગે પોતાના તરફથી વસ્તુના રૂપમાં અનુદાન પેટે આપેલ છે. શાસ્ત્રી મીતભાઈ જાનીનું સર્વે ટ્રસ્ટીગણે શાલ ઓઢાડીને સન્માન કરેલ તેમજ પ્રમુખ રાજેશભાઈ પંડયા (ભોજનના દાતા બનવા તેમજ ૬૦ વર્ષ પુર્ણ થતા) તેમનું તેમજ ડો. સુરેશભાઈ પંડયા (ભોજનના દાતા) તેમજ મુકેશભાઈ જોષી (ઉના) (ભોજનના દાતા) બનતા તેમનું પણ સાલ અર્પણ કરીને સન્માન કરેલ. આ પ્રસંગે સર્વે ટ્રસ્ટી ગણ તેમજ કારોબારી મંડળ તેમજ જ્ઞાતિના યુવાનોએ ખુબ જ જહેમત ઉઠાવીને માતાજી પાટોત્સવને સફળ બનાવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટી ચેતનભાઈ ત્રિવેદીએ લગ્નજીવનના ૨૫ વર્ષ પુર્ણ કરેલ હોય તો દંપતિનું સાલ ઓઢાડીને સન્માન કરેલ છે તેમજ રૂા.૫૦૦૦/- નું દાન પ્રફુલાબેન જયપ્રકાશભાઈ વ્યાસ તરફથી ચિ. હર્ષિલભાઈ ભટ્ટના યજ્ઞોપવિત નિમિતે મળેલ છે.

દર મહિના ના બીજા બુધવારે
તારીખ : ૧૨/૦૨/૨૦૨૫
સમય : સરવારે ૧૦ : ૦૦ થી ૧ : ૦૦
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
પેટ- આંતરડાના નિષ્ણાંત હવે આપણી ગોળ હોસ્પિટલમાં..
એન્ડોસ્કોપી અને કોલોનોસ્કોપી (દુરબીન વડે પેટની તપાસ) ની સુવિધા ઉપલબ્ધ

ડો.અવ્વલ સાદીકોટ
MD,DNB (Gastro)
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629


## જિલ્લામાં થતી ખનિજ ચોરીનું કૌભાડ સમગ્ર રાજયમાં ચકચારી બન્યુ હોય તેવા સમયે

# અમરેલી જિલ્લામાં થતી ખનિજ ચોરી સામે પોલીસની લાલ આંખ

**બાબરાનાં નીલવડા વિસ્તારમાં માટીની ચોરી કરતાં ઈસમો સાથે ૫ વાહનો કબ્જે કરાયા**

**પોલીસે કુલ પાંચ ઈસમોને ખનિજ ચોરી કરતાં પકડી પાડયા**

**પોલીસ અને ખાણ-ખનિજ વિભાગે રાઉન્ડ ધ કલોક કામગીરી કરીને ખનિજ ચોરી અટકાવવી પડશે**

**એસપીની સુચનાથી એસઓજીએ રૂપિયા ૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**







અમરેલી, તા. ૧૧

અમરેલી જીલ્લામાં અનેક નદીઓ પસાર થતી હોય અને આવી નદીઓમાંથી રેતી ચોરી કરવાનું દુષણ શરૂ હોય અને ખનિજ ચોરી કરતાં અસામાજિકતત્વોરોયલ્ટીનીચોરીકરતાં હોય તેમજ પર્યાવરણને પણ ખુબ જ નુકસાન કરતાં હોય. જેથી રેતી ચોરી સદંતર બંધ કરવા જરૂરી જિલ્લા પોલીસ વડા દ્વારા સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એસ.ઓ.જી. પોલીસ ઈન્સ.આર.ડી.ચૌધરીની

**અનુસંધાન પાના ૬ ઉપર**

### લાઈટ ફિટિંગનાં અભાવે લાખો રૂપિયાનાં ખર્ચે બનેલ ભવન બિનઉપયોગી

# અમરેલીનાં રાજમહેલ પંટાગણમાં 3 વર્ષથી બંધ થયેલ ડો. આંબેડકર ભવનને કાર્યરત કરવા માંગ

**૧૦ દિવસમાં ભવન કાર્યરત ન થાય તો ધરણા કરાશે : મકવાણા**

અમરેલી, તા. ૧૧

અમરેલી શહેરની મધ્યમાં રાજમહેલ કમ્પાઉન્ડમાં આવેલ ડો. આંબેડકર ભવન છેલ્લા ત્રણેક વર્ષથી બંધ હાલતમાં છે. આ ભવન અનુ.જાતિ સમાજના લોકો કે તેમને લગતા કાર્યક્રમો માટે ઉપયોગમાં લેવાના બદલે હાલ આ ભવનમાં અસામાજીક તત્વો અસામાજીક પ્રવૃતિઓ કરતા હોય તેવું લાગી રહયુ છે. આ ડો. આંબેડકર ભવનને વહેલી તકે કાર્યરત કરવા માટે વારંવાર કલેકટર, સમાજ કલ્યાણ કચેરી તેમજ સમાજ કલ્યાણ મંત્રીને પણ રજુઆત કરવામાં આવેલ છે. પરંતુ આશરે ત્રણેક વર્ષથી બંધ આ ભવનને કાર્યરત કરવામાં ધ્યાન



આપવામાં આવતુ નથી.

અનુસુચિત જાતિના લોકો માટે સમાજ કલ્યાણ વિભાગ દ્વારા

**અનુસંધાન પાના ૬ ઉપર**


Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

Sheetal

₹440/-
₹350/-
Pizza Combo
1 Italian Pizza + 1 Veg. Cheese Grill Sandwich + 2 Cold Drinks
Offer Valid : 23-11-2024 to 15-12-2024
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. સમય : સવારે 10:00 થી રાત્રે 11:00

આમ આદમીનું અખબાર
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૫
અમરેલી એક્સપ્રેસ
સચોટ - સટીક - સાતત્ય સભર દૈનિક
લાવી રહ્યું છે આપના માટે લવાજમ યોજના
લવાજમ ભરવા માટે અમારા સ્થાનિક એજન્ટનો સંપર્ક કરો
કોટડાપીઠા : ભરતભાઈ મહેતા - ૯૪૨૯૧ ૩૯૮૫૬
બાબરા : રાજુભાઈ બસીયા - ૯૯૨૫૪ ૬૬૪૪૪
પંકજભાઈ ઈન્દ્રોડીયા - ૯૪૦૮૧ ૫૮૯૦૧
ચિતલ : જસવંતગઢ
ભરતભાઈ અમરેલીયા - ૭૯૮૪૭ ૩૫૩૧૫
દામનગર : નટુભાઈ ભાતીયા - ૯૪૨૯૧ ૩૯૪૨૨
લીલીયા મોટા : બીપીનભાઈ સ્વાણી - ૯૪૨૭૪ ૨૭૨૧૭
વીજપડી : પ્રફુલભાઈ નગદીયા - ૯૯૦૪૮ ૦૨૪૦૭
આંબરડી (સા.કું.) : સુભાષભાઈ સોલંકી - ૮૫૧૧૪ ૬૦૪૦૦
રાજુલા : યોગેશભાઈ કાનાબાર - ૯૦૬૭૫ ૭૪૭૩૭
જાફરાબાદ : ભરતભાઈ બારૈયા - ૮૧૫૩૦ ૯૨૬૧૬
કોવાયા : સુમરાભાઈ વાઘ - ૯૯૯૮૭ ૨૩૯૯૯
ઉના : ધર્મેશ જેઠવા - ૯૭૧૨૦૧૦૦૫૮
કુંકાવાવ : રાજુભાઈ યાદવ - ૯૯૭૮૧ ૩૪૪૩૪
મોટા આંકડીયા : મનોજભાઈ ત્રિવેદી - ૯૯૭૯૨ ૧૦૭૨૭
બગસરા : સમીર વિરાણી - ૯૯૭૮૧ ૩૩૧૩૪
બાબાપુર : હસમુખભાઈ રાવળ - ૯૯૭૮૫ ૧૫૨૧૪
ધારી : નિઝારભાઈ ચાવડા - ૯૭૨૬૫ ૯૨૮૭૬
ચલાલા : પ્રકાશભાઈ કારીયા - ૯૯૨૫૩ ૩૦૯૭૯
ખાંભા : ભાવિકભાઈ કલસરીયા - ૯૫૮૬૮ ૩૮૪૦૯
લવાજમની મુદ્દત તા.૦૧–૦૧–૨૦૨૫ થી તા.૩૧–૧૨–૨૦૨૫
લવાજમ ભરો ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
એજન્ટો તથા ગ્રાહકોએ લવાજમ યોજનાની રકમ ભરપાઈ કરીને પાકી પહોંચ મેળવવાની રહેશે.
અમરેલી શહેરમાં લવાજમ ભરવા માટે ઓમ ન્યુઝ એજન્સી
સુધરાઈ શોપીંગ સેન્ટર, ક્રિષ્ના ટ્રાવેલ્સની ગલીમાં, ડો. જીવરાજ મહેતા ચોક, અમરેલી.
સુમીત ચંદારાણા – મો. નં. ૮૭૩૫૦ ૧૨૦૨૦
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)